dailyhunt संजोग न्यूज़

અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 157 | AD - 2024, Fagan Sud - 01 | Monday, Dt.11-03-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પહેલાની સરકારો માત્ર જાહેરાતો કરતી હતી, અમે જે કહ્યું તે કર્યું : નરેન્દ્ર મોદી

# આઝમગઢ ખાતે ૩૪,૭૦૦ કરોડની વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન કરતા વડાપ્રધાન

### હું ઝડપી ગતિએ દોડી રહ્યો છું અને હું દેશને ઝડપી ગતિએ ચલાવી રહ્યો છું : મોદી

(એ.આર.એલ),આઝમગઢ,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે આઝમગઢ જિલ્લામાં મંદુરી એરપોર્ટ સંકુલમાં રૂ. ૩૪,૭૦૦ કરોડની ૭૮૨ વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યું. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે હું ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવા અને દેશને ઝડપી ગતિએ ચલાવવા માટે દોડી રહ્યો છું. આજે માત્ર આઝમગઢ જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે અનેક વિકાસ પ્રોજેક્ટ અહીંથી શરૂ કરવામાં આવી રહ્યા છે. દેશના પછાત વિસ્તારોમાં ગણાતા આઝમગઢ આજે દેશ માટે વિકાસનો નવો અધ્યાય લખી રહ્યું છે. આજે, આઝમગઢથી ઘણા રાજ્યોમાં લગભગ ૩૪ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો છે.

વિપક્ષ પર કટાક્ષ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, "૨૦૨૪માં ચૂંટણીના પ્રિઝમ દ્વારા શિલાન્યાસ કરવામાં આવનાર છે તેના પર કોઈએ નજર ન કરવી જોઈએ, આ મારી વિકાસની શાશ્વત યાત્રાનું પરિણામ છે. હું દેશને એક સફળ બનાવવા માટે કામ કરીશ. ૨૦૪૭ સુધી ભારતનો વિકાસ થયો." "હું ઝડપી ગતિએ દોડી રહ્યો છું અને હું દેશને ઝડપી ગતિએ ચલાવી રહ્યો છું. અગાઉની સરકારો માત્ર જાહેરાતો કરતી હતી, પરંતુ અમે જે કહીએ છીએ તે કરીએ છીએ."

ભારત ગઠબંધન પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું, "આ તમારો પ્રેમ અને આઝમગઢનો આ વિકાસ. જાતિવાદ, ભત્રીજાવાદ અને વોટ બેંક પર આધાર રાખતા



ભારતીય ગઠબંધનની ઊંઘ ઉડાડી રહ્યો છે. પૂર્વાંચલે દાયકાઓથી જાતિવાદ અને તુષ્ટિકરણની રાજનીતિ જોઈ છે અને છેલ્લા ૧૦ વર્ષથી આ વિસ્તાર વિકાસની રાજનીતિનો સાક્ષી પણ બની રહ્યો છે. અહીંના લોકોએ માફિયા શાસન અને કટ્ટરવાદના જોખમો પણ જોયા છે અને હવે અહીંના લોકો કાયદાના શાસનના સાક્ષી પણ છે."

દેશના ખેડૂતો માટે લેવાયેલા પગલાંનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે, "આજે ખેડૂતોને એમએસપી આપવામાં આવી રહી છે જે પહેલા કરતા અનેકગણી વધી ગઈ છે. શેરડીના ખેડૂતો માટે આ વર્ષે વળતરની કિંમતમાં પણ ૮%નો વધારો કરવામાં આવ્યો છે. હવે શેરડીનો લાભકારી ભાવ ૩૧૫ રૂપિયાથી વધીને ૩૪૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થયો છે.તમને યાદ છે કે કેવી રીતે ઉત્તર પ્રદેશમાં સરકાર ચલાવતા લોકોએ શેરડીના ખેડૂતોને રડાવ્યા હતા. તેમને તેમના પૈસા માટે તડપ્યા હતા.તે આપવામાં આવતી હતી કે ન હતી. બિલકુલ પ્રાપ્ત થયું છે.આ ભાજપ સરકાર છે જેણે શેરડી પકવતા ખેડૂતોના હજારો કરોડના લેણાં ચૂકવ્યા છે. આજે શેરડીના ખેડૂતોને યોગ્ય સમયે શેરડીના ભાવ મળી રહ્યા છે.

યુપીમાં થઈ રહેલા વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે, "છેલ્લા વર્ષોમાં ડબલ એન્જિનની સરકારે ઉત્તર પ્રદેશમાં લાખો કરોડ રૂપિયાના વિકાસ કાર્યો કર્યા છે. આનાથી માત્ર યુપીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જ બદલાવ આવ્યો નથી, પરંતુ યુવાનો માટે તકો પણ ઉભી કરી છે. લાખો નવી તકોનું સર્જન થયું છે. આજે યુપીમાં વિક્રમી રોકાણ આવી રહ્યું છે. ઉત્તર પ્રદેશ જેમ જેમ વિકાસની ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે તેમ તેમ તુષ્ટિકરણનું ઝેર પણ નબળું પડી રહ્યું છે. છેલ્લી ચૂંટણીમાં આઝમગઢના લોકોએ એ પણ બતાવ્યું હતું કે જે જગ્યાને પરિવારના સભ્યો પોતાનો ગઢ માનતા હતા તે પણ પડી ગયો છે. પરિવારના સભ્યો સતત મોદી સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે. આ લોકો કહી રહ્યા છે કે મોદીનો પોતાનો પરિવાર નથી. આ લોકો ભૂલી જાય છે કે મોદીનો પરિવાર દેશની ૧૪૦ કરોડ જનતા છે. તેથી જ જનતા કહી રહી છે - હું મોદીનો પરિવાર છું."

# ભારત અગ્નિ સિરીઝની બેલેસ્ટિક મિસાઈલના પરીક્ષણ અબ્દુલ કલામ દ્વીપ પર કરશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૦

ભારતની પાસે ઘણી એવી મિસાઈલો છે, જેના કારણે દુશ્મન દેશ ટેન્શનમાં રહે છે. ભારતની પાસે અગ્નિ સિરિઝની ૧થી લઈને અગ્નિ ૫ સુધીની મિસાઈલ પાવર છે. હિન્દુસ્તાન આ મિસાઈલોમાં નવી ટેક્નિકનો ઉપયોગ કરવા ઈચ્છે છે જેથી એક્યુરેસી અને ઝડપમાં વધારો કરવામાં આવે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ભારત અગ્ની



સિરિઝની બેલેસ્ટિક મિસાઈલના પરીક્ષણની તૈયારી કરી રહ્યુ છે. ઓડિશા તટની પાસે એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી અગ્નિ મિસાઈલનો ટેસ્ટ થશે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ પરીક્ષણ ૧૧ અને ૧૬ માર્ચની વચ્ચે ક્યારેય પણ થઈ શકે છે. એટલે કે ૪૮ કલાક બાદ કોઈ પણ સમયે ભારતની અગ્ની શક્તિનું વીડિયો ટ્રેલર રિલિઝ થઈ શકે છે. પરીક્ષણ માટે બંગાળની ખાડીમાં ૩૫૦૦ કિલોમીટર રેન્જમાં નો ફ્લાય ઝોન જાહેર કરવામાં આવ્યો છે. સંભાવના છે કે આ પરીક્ષણમાં ૩ મિસાઈલોમાંથી કોઈ એક કે બે કે ત્રણનું પરીક્ષણ થશે.

જે મિસાઈલોનું પરીક્ષણ થવાનું છે, તેમાં અગ્નિ-૩, અગ્નિ-૪ અને સબમરીનથી લોન્ચ થનારી કે-૪ મિસાઈલ છે. ભારત પાસે એવા ઘાતક શસ્ત્રો છે જેના નામ દુશ્મનો માટે દુઃસ્વપ્નથી ઓછા નથી, પરંતુ અગ્નિ મિસાઈલ એ અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ યુદ્ધ સૈનિક છે જે દૂરના દુશ્મનને મિનિટોમાં જ ખતમ કરી શકે છે.

# ચૂંટણી કમિશનર તરીકે ગુજરાતના કોઇ અધિકારીની નિમણૂક થાય તેવી સંભાવના

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૦

લોકસભા ચૂંટણી પૂર્વે જ ચૂંટણી કમિશનર અરુણ ગોયલે અચાનક રાજીનામુ આપતા હવે ચૂંટણીપંચમાં કુલ ત્રણ કમિશનરના બદલે એક જ ચૂંટણી કમિશનર રહ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર જ હવે પંચમાં રહ્યા છે. હવે નવા ચૂંટણી કમિશનર તરીકે ગુજરાતના કોઈ અધિકારીની નિમણૂક થાય તેવી પ્રબળ સંભાવના છે. તેના પગલે આગામી સમયમાં ગુજરાતના કોઈ મહત્વના આઈએએસ અધિકારી ચૂંટણી કમિશનર તરીકે નીમવામાં આવે તેવી ચર્ચાઓએ વેગ પકડયો છે. પીએમ બન્યા પછી નરેન્દ્ર મોદી ગુજરાતમાંથી અનેક અધિકારીઓને તેમને ત્યાં લઈ ગયા છે, હવે ચૂંટણી કમિશનરના રાજીનામાના પગલે ગુજરાત કેડરમાંથી વધુ એક અધિકારી ત્યાં સ્થાન પામે તેમ માનવામાં આવે છે. ચૂંટણી કમિશનરની બે પોસ્ટ ખાલી છે ત્યારે કમસેકમ એક પોસ્ટ તો તાત્કાલિક અસરથી ભરવી પડશે.





















# બગસરામાં ખાતમુહૂર્ત બાદ મહિલાઓએ કર્યો ધારાસભ્યનો ઘેરાવ

બગસરા તા.૧૦

બગસરામાં આજરોજ રૂ.૮ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. જેમાં શહેર ભાજપના આગેવાનના ઘર પાસે બ્લોકરોડ મંજૂર કરવામાં આવતા વિસ્તારની મહિલાઓએ ધારાસભ્યનો ઘેરાવો કર્યો હતો. જો કે ધારાસભ્યએ રોડ બનાવવાની ખાતરી આપતા મામલો થાળે પડયો હતો. બગસરામાં આજરોજ સરાણીયા વિસ્તારમાં સરકારની ગ્રાન્ટમાંથી મકાન બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવતા ધારાસભ્ય જે.વી.કાકડીયા, નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા, પાલિકા પ્રમુખ સહિતની હાજરીમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. ૧૦૪ જેટલા મકાનો બનાવવામાં આવશે જ્યારે આ કાર્યક્રમ સવારના ૧૦ વાગ્યે કાર્યક્રમ હોવાથી સરાણીયા પરિવારની મહિલાઓ એક કલાક સુધી મહેમાનોની રાહમાં



તડકે ઉભી રહી હતી. મકાનના ખાતમુહૂર્ત બાદ, અટલજી પાર્ક ડેવલોપમેન્ટ, સહિતના નિલકંઠનગર, ભોજલરામ નગર, ઝાંઝરીયા રોડ પર ૨૦ લાખના ખર્ચે બ્લોક રોડ બનનાર હોવાથી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. ખાતમુહૂર્ત બાદ ધારાસભ્ય જે.વી.કાકડીયા સહિતનો કાફલો નિકળતા નિલકંઠ નગર વિસ્તારની મહિલાઓએ ધારાસભ્ય જે.વી. કાકડીયાનો ઘેરાવ કર્યો હતો. અને ભાજપ આગેવાનના ઘર પાસે બની રહેલા રોડની સાથે મુખ્ય માર્ગનો રોડ પણ મંજૂર કરી બનાવવામાં આવે તેવી મહિલાઓએ ઉગ્ર રજૂઆત કરી હતી. મહિલાઓની ઉગ્ર રજૂઆતથી ધારાસભ્યએ રોડ બનાવવાની ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો.

### રોડ નહી થાય તો ચૂંટણીનો બહિષ્કાર કરાશે

બગસરા નિલકંઠ નગરની મહિલાઓએ રોષ સાથે જણાવ્યું હતું કે જયાં સુધી સોસાયટીનો મુખ્ય માર્ગ બની બને ત્યાં સુધી કોઈ ગલી કે નાકાનો રોડ થવા દેવામાં આવશે નહી. જો મુખ્ય માર્ગ નહી બનાવવામાં આવે તો આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની પણ મહિલાઓએ ચિમકી આપી હતી.

### ભાજપ આગેવાનના ઘર પાસે જ રોડ બને છે : પૂર્વ પાલિકા સદસ્ય

બગસરા નિલકંઠ નગરમાં ભાજપ આગેવાનના ઘર પાસે ધારાસભ્યએ બ્લોક રોડ બનાવવા માટે રૂ.પાંચ લાખ ફાળવતા પૂર્વ પાલિકા સદસ્ય રાજેશ દેશાણીએ જણાવ્યું હતું કે, ભાજપના આગેવાનના ઘર પાસે જ રોડ બને છે જયારે અન્ય લોકો સાથે પાલિકા અને ધારાસભ્ય તરફથી ઓરમાયુ વર્તન રાખવામાં આવે છે. ધારાસભ્યએ ધારાસભાની ચૂંટણી વખતે વિકાસ ફંડ ભરી દેવાની વાત કરી હતી જો કે ચૂંટણીમાં વિજેતા બન્યા પછી વિકાસ ફંડ ભરવાની વાત હવામાં ઉડી જતા વિસ્તારવાસીઓમાં રોષ ફેલાયો છે.

# સાવરકુંડલા વિભાગનાં અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કરતાં મહેશ કસવાલા

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલા શહેરને પ્રાથમિક સુવિધા વધુ મળી રહે તેવા ઉમદા હેતુથી કુંડલા વિભાગમાં અર્બન હેલ્થ સેન્ટર-૨નું લોકાર્પણ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા હસ્તે કરવામાં આવ્યું હતું. આ અર્બન હેલ્થ સેન્ટર -૨માં ફ્રી મેડિસિન, ફ્રી લેબોરેટરી, આયુષ્માન કાર્ડ, આભા કાર્ડ, કેન્સર સહાય,



ટીબી સહાય જેવી સુવિધાઓ મળી રહેશે. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, નગરપાલિકા ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, શહેર ભાજપ મહામંત્રી વિજયસિંહ વાઘેલા , રાજુભાઈ નાગ્રેચા, તાલુકા ભાજપ મહામંત્રી નીતિનભાઈ નગદીયા તથા ચેતનભાઈ માલાણી તથા નગરપાલિકાના ચેરમેન, સદસ્યો, શહેર ભાજપના હોદ્દેદારો, આર.કે.એસ સમિતિના સદસ્યો, મેડિકલ ટીમ ,તાલુકા ભાજપ તેમજ શહેર ભાજપના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં

# સાંસદ કાછડીયાની રજૂઆતને સફળતા, ગાવડકા ચોકડીથી બગસરા સુધીના ફોરટ્રેક રોડનું પ્રધાનમંત્રી ઈ - ખાતમુહૂર્ત કરશે

અમરેલી, તા.૧૦

સાંસદ નારણભાઈ કાછડીયાની રજૂઆતને વધુ એક સફળતા મળી છે. આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દિલ્લી ખાતેથી મહુવા - જેતપુર નેશનલ હાઈવે નં. ૩૫૧ અંતર્ગત પેકેજ - ૩ ગાવડકા ચોકડીથી બગસરા સુધીના કામનું ઇ - ખાતમુહુર્ત કરવાના છે. ત્યારે સાંસદ નારણભાઈ કાછડીયાએ



જણાવેલ છે કે, સદર રસ્તાને કુલ પાંચ પેકેજમાં વિભાજિત કરેલ છે. જેમાથી પેકેજ-૧ મહુવાથી બઢડા સુધીના કામનું ખાતમુહૂર્ત થઈ ગયેલ છે અને તા. ૧૧ ના રોજ આદરણીય વડાપ્રધાન પેકેજ-૩નું ઈ - ખાતમુહૂર્ત કરવાના છે.સાંસદે વધુમાં જણાવેલ છે કે, ગાવડકા ચોકડીથી બગસરા સુધીના માર્ગને અપગ્રેડ કરવાનો જોબ નંબર ભારત સરકારના સડક અને પરિવહન મંત્રાલય, નવી દિલ્હી દ્વારા તા-૨૦/૦૨/૨૦૨૪ ના રોજ મળેલ છે. જેની લંબાઈ ૧૯ કીમી અને અંદાજિત રાશિ રૂ. ૧૨૯.૦૦ કરોડ છે. અમરેલી જિલ્લાના તમામ પ્રાણ પ્રશ્નોનુ નિરાકરણ લાવી કરોડો રૂપિયા મંજૂર કરવા બદલ સાંસદ નારણભાઈ કાછડીયાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રિય સડક અને પરીવહન મંત્રી નીતિનભાઈ ગડકરીનો પ્રજાજનો વતી આભાર વ્યક્ત કરેલ છે.

કેન્દ્ર સરકારની જુદી જુદી યોજના હેઠળનાં લાભાર્થીઓનો સંપર્ક કરી તેમના અનુભવ જાણ્યાં

# લાઠી વિધાનસભા વિસ્તારમાં લાભાર્થીનો સંપર્ક કરતા ધારાસભ્ય જનક તળાવીયા

લાઠી,તા.૧૦

લાઠી, બાબરા વિધાનસભાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા દ્વારા તેઓની વિધાનસભામાં આવતા બાબરા શહેર, દામનગર શહેર તેમજ બાબરા તાલુકાના મોટા દેવળીયા તેમજ લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં જઈ લાભાર્થીઓને રૂબરૂ મળી સરકાર દ્વારા આપવામાં આવેલ લાભ સહાયથી લાભાર્થીના



જીવનમાં આવેલ બદલાવ અંગે લાભાર્થીઓના અનુભવો સાંભળી માહિતી મેળવી હતી.આ લાભાર્થી સંપર્ક અભિયાન અંતર્ગત રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની જુદી જુદી યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, માનવ કલ્યાણ યોજના, માનવ ગરિમા યોજના, આયુષ્યમાન ભારત કાર્ડ યોજના, મહિલા ઉત્કર્ષ યોજના , પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, જળ જીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજના, પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ યોજના, ઉજ્જવલા યોજના એમ વિવિધ યોજના હેઠળનાં લાભાર્થીઓનો સંપર્ક કરી તેમના અનુભવો મેળવ્યાં હતાં. આ લાભાર્થી સંપર્ક અભિયાનમાં ધારાસભ્ય જનક તળાવીયા સાથે બાબરા શહેર, બાબરા તાલુકા, દામનગર શહેર તેમજ લાઠી તાલુકા ભાજપ સંગઠન, મહિલા મોરચાના હોદ્દેદારો તેમજ બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા અને લાભાર્થીઓ તેમજ ગ્રામ્ય જનતા દ્વારા આ અભિયાન માટે બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

# નેહરુ યુવા કેન્દ્ર અમરેલી દ્વારા નારી ફિટનેસ રન કાર્યક્રમ યોજાયો

બાબરા,તા.૧૦

નેહરુ યુવા કેન્દ્ર અમરેલી દ્વારા આજરોજ બાબરા વિવેકાનંદ વિદ્યાલય ખાતે નારી ફિટનેસ રનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નેહરુ યુવા કેન્દ્ર તરફથી સંજના ચૌહાણ અને નિકિતા ચૌહાણ, સ્કૂલના શિક્ષક અને વિધાર્થીનીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા . આ પ્રોગ્રામમા ૫૦૦ મીટરની દોડ રાખવામાં આવી હતી. તેમા



તસવીર : વિજય માલી

૪૧ વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી. તેમાથી એકથી ત્રણ વિજેતા વિદ્યાર્થિનીને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આ પ્રોગ્રામની થીમ "WOMAN FIT તો INDIA HIT" હતી. છેલ્લે ચૌહાણ સંજના એન ચૌહાણ નિકિતા દ્વારા વિદ્યાર્થિનીઓને માહિતી આપી વિદ્યાર્થિનીઓને મોટિવેટ કરવામાં આવી હતી.

# જિલ્લા પંચાયત કચેરી ખાતે ધો. ૮ ની કન્યાઓને હાઈજેનિક અને સ્ટેશનરી કિટનુ વિતરણ

અમરેલી, તા.૧૦

બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત ટાસ્ક ફોર્સ અન્વયે ધો.૮ ની કન્યાઓને જિલ્લા મહિલા અને બાળ વિકાસની કચેરી તથા જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા ૫૫૦ હાઈજેનિક કિટ અને ૫૫ સ્ટેશનરી કિટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. જેમાં પ્રતિકાત્મક



તસવીર :કીરીટ કોટવા

રીતે જિલ્લા પંચાયત કચેરી ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિ.પં પ્રમુખ ભરતભાઈ સુતરીયા, શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન ધોરાજીયા, આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, બાંધકામ સમિતિ ચેરમેન પ્રતિનિધિ પ્રવિણભાઈ માંગરોળીયા, જિ.શિ.સ. સદસ્ય ધીરૂભાઈ માયાણી, ભીખાભાઈ ધોરાજીયા, જિ.પ્રા.શિ. અધિકારી કે.વી મીયાણી, સિનિયર ક્લાર્ક આર.આર. પઠાણ વગરે હાજર રહી નિમણૂક પત્રો એનાયત કર્યા હતા.

# ધારાસભ્ય જે.વી.કાકડીયાની હાજરીમાં બીલખા ખાતે સ્વ. અમરાવાળા વાઘણીયાની પ્રતિમાનું અનાવરણ

ધારી,તા.૧૦

બીલખા ખાતે સ્વાતંત્ર્ય સેનાની રાજવી દરબાર સ્વ. અમરાવાળા વાઘણીયા ( છોટે શિવાજી) ની પ્રતિમા અનાવરણ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા પણ હાજર રહ્યા હતા. આ તકે મુક્તાનંદબાપુ



તસવીર :દિપ કારીયા

ચાપરડાં, મહાવીરબાપુ ચલાલા, ભઈલુબાપુ પાળીયાદ, ઉદયભાઈ ભગત ચલાલા સહિતનાં સંતો મહંતો અને રાજવી પરિવારો અને અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ધારી ,બગસરા, ખાંભાનાં ધારાસભ્ય જે.વી.કાકડીયાએ પોતાની શુભકામનાઓ અને રાજીપો વ્યક્ત કરી ઉપસ્થિત સંતો મહંતોને વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.





નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### કલેક્ટર, એસ.પી. સહિતના અધિકારીઓ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે

# અમરેલી જિલ્લામાં આજથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

અમરેલી, તા.૧૦



અમરેલી જિલ્લામાં આજથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. અમરેલી શિક્ષણ વિભાગ તરફથી પરીક્ષાને લઈ તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી રહી છે. પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓને જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા, જિલ્લા વિકાસ અધિકારી, નાયબ કલેક્ટર સહિતના અધિકારીઓ પ્રોત્સાહિત કરશે. પરીક્ષા અંગે જિલ્લા શિક્ષણાધિકારી મનોહરસિંહ ગોહીલએ જણાવ્યું હતું કે ૩૨ હજાર કરતા વધારે વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. વિદ્યાર્થીઓને રીસીપ્ટ ભુલાઈ ગઈ હોય, કોઈ બીજા બિલ્ડીંગમાં પ્રવેશી ગયા હોય તેવા વિદ્યાર્થીઓને યોગ્ય સ્થળે પહોંચાડવા માટે કર્મચારીઓને સૂચના આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ શાંતચિત્તે પરીક્ષા આપી શકે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. બોર્ડની પરીક્ષાને હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યાં છે ત્યારે વિદ્યાર્થીઓમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે તો અમુક વિદ્યાર્થીઓમાં ડર પણ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓ ભયમુક્ત પરીક્ષા આપે તે માટે વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે. જિલ્લામાં લેવાનાર બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને અધિકારીઓની સાથે રાજકીય આગેવાનો અને પદાધિકારીઓએ પણ શુભકામના પાઠવી છે.

# બગસરાના ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને નારી રત્ન એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો

બગસરા, તા.૧૦



તસવીર : હાર્દીક બામટા

વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરા દ્વારા બગસરા તાલુકામાં ૭૨ મહિલા મંડળની ૯૦૦ જેટલી બહેનો સાથે વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃતિઓ ચાલી રહી છે. જેમાં વિશિષ્ટ કામગીરી કરનાર ત્રણ બહેનોને દર વર્ષે નારી રત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવે છે. જૂની હળીયાદ ખાતે ડો. ભદ્રાયુ ભાઈ વછરાજાનીના અધ્યક્ષસ્થાને એક એવોર્ડ એનાયત કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં રામદેવ મહિલા મંડળ બગસરાના નરગીસબેન હબીબભાઈ ખોખરા, બાલકૃષ્ણ મહિલા મંડળ જુની હળીયાદના વિલાસબેન જયસુખભાઈ સતાણી અને ગોલ્ડન મહિલા મંડળ રફાળાના ભાવનાબેન રાકેશભાઈ માલવિયાને વિશિષ્ટ મહાનુભાવોની ઉપસ્થિતિમાં એવોર્ડ આપવામાં આવ્યા હતા.

# ગુરૂમુખી સંત દયારામબાપુ પ્રેરિત સીતારામ આશ્રમ ખાતે ૨ ૩મો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયો

દામનગર,તા.૧૦



દામનગર ગુરૂમુખી સંત દયારામબાપુ પ્રેરિત સીતારામ આશ્રમ ખાતે ૨૩મો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ લગ્નોત્સવમાં ૨૦ નવદંપતીઓને અનેક વરિષ્ઠ સંતોના આશિષ પ્રાપ્ત થયા હતા. હજારોની માનવ મેદની વચ્ચે ઉદારદિલ દાતાઓના સહયોગ અન સીતારામ સેવક સમુદાયનાં ભવ્ય આયોજનથી ૨૩મા સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં ૨૦ નવદંપતીઓને આદર્શ દાંપત્ય જીવનનો સદેશ સંતોએ આપ્યો હતો. સમસ્ત માનવ સમાજ માટે નવદંપતીઓનું દાંપત્ય જીવન દૈવી બને તેવા સંદેશ સાથે અને મહાનુભાવોની હાજરી સાથે સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ સંપન્ન થયો હતો.

# મેઘાપીપળીયા અને મોટા ઉજળા ગામે આરોગ્ય સેન્ટરનું ખાતમુહૂર્ત કરતાં કૌશિક વેકરીયા

## ૬૬ લાખ રૂપિયાનાં ખર્ચે બંને ગામોમાં આરોગ્ય સબ સેન્ટર મંજૂર કરવામાં આવ્યા છે

વડિયા,તા.૧૦



વડિયા તાલુકાના મેઘાપીપળીયા અને મોટા ઉજળા ગામે લોકોને પોતાના ગામમાં જ આરોગ્યની સેવા મળી રહે તેવા હેતુસર આજે મોટા ઉજળા અને મેઘાપીપળીયા ગામે આરોગ્ય સબ સેન્ટરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં મોટા ઉજળા ગામે ૩૩ લાખ રૂપિયા અને મેઘાપીપળીયા ગામે ૩૩ લાખ એમ બંને ગામોમાં આરોગ્ય સબ સેન્ટરનું આજે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, બાંધકામ સમિતિના ચેરમેન પ્રવીણભાઈ માંગરોળીયા, જીલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક, તાલુકા પંચાયત પ્રમુખ પરશોતમભાઈ હીરપરા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, ઉપ પ્રમુખ મનોજભાઈ હપાણી, ઉજળા સરપંચ વિપુલભાઈ ખીમાણી, મેઘાપીપળીયા સરપંચ જે ડી ગુજરીયા સહિતના ગ્રામજનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આરોગ્ય સબ સેન્ટર મંજૂર કરવા બદલ ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# એચ.બી.સંઘવી મહિલા કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવાયો

રાજુલા,તા.૧૦



તસવીર : ગોપાલ રાઠોડ

એચ.બી.સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કોલેજ ખાતે મહિલા દિનની ઉજવણી નિમિતે ભવ્ય રેલી તથા મહિલા સશકિતકરણ અંગે વ્યાખ્યાન યોજાયું હતું. રેલીનો હેતુ નારી જાગૃતિ હતો. આ દરમિયાન કૉલેજ પ્રિન્સિપાલ ડો.રીટાબેન રાવળ દ્વારા નારી વિકાસગાથામાં પ્રાચીન સમયની નારીથી અવિરત આધુનિક યુગની પ્રગતિની સફરને વર્ણવવામાં આવેલ હતી. આ તકે કેમ્પસ ડાયરેક્ટર ડો.જીજ્ઞેશ વાજા, સેક્રેટરી બાલકૃષ્ણ ત્રિવેદી તથા કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસે શુભેચ્છા વ્યક્ત કરી હતી. કાર્યક્રમની આભારવિધિ એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફીસર પ્રો.જાગૃતિ બેન ડી. તેરૈયાએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કૉલેજનાં સ્ટાફ તથા એન.એસ.એસ.સ્વયં સેવકોએ ભારે જેમહત ઉઠાવી હતી.

# સા.કુંડલામાં ૨. ૬૭ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરતા ધારાસભ્ય મહેશ કસવાલા

સાવરકુંડલા, તા.૧૦



સાવરકુંડલા તાલુકાને સુંદર અને રળિયામણો તેમજ સુવિધાઓયુક્ત બનાવવાના અભિગમને સાર્થક કરવા ધારાસભ્ય મહેશ કસવાળાએ ૨ કરોડ ૬૭ લાખ ખર્ચે થયેલ કામોનુ લોકાર્પણ કર્યુ ધારાસભ્ય જેમા સાવરકુંડલા તાલુકામાં ૩૦-૩૦ લાખના ખર્ચ બનેલ થોરડી, લીખાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૧૭ લાખ ખર્ચ બનેલ ગ્રામ પંચાયત, ૨ કરોડના ખર્ચ બનેલ ખોડીયાણા ગામે ધાતરવડી બ્રિજનુ લોકાર્પણ કર્યુ.

આ લોકાર્પણ કાર્યક્રમમાં તાલુકા ભાજપના પ્રમુખ જીવનભાઈ વેકરીયા, નીતિનભાઈ નગદીયા, ચેતનભાઈ માલાણી, લાલજીભાઈ મોર, શરદભાઈ ગોદાણી, દીપકભાઈ માલાણી, જીતુભાઈ કાછડીયા, હિતેશ ખાત્રાણી, પ્રફુલભાઈ વેકરિયા, લલીતભાઈ બાલધા, મનુભાઈ ડાવરા, મહેશભાઈ ભાલાળા, શૈલેષ બારૈયા, સરપંચ હિતેશભાઈ ખાત્રાણી, બાબભાઈ માલાણી, લીખાળા સરપંચ મનસુખભાઈ સાવલિયા. ગૌતમભાઈ ખુમાણ, નિલેશભાઈ કચ્છી , દુર્લભભાઈ કોઠીયા, અતુલભાઈ રાદડિયા, સંજયભાઈ બરવાળીયા સ્થાનિક આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


KAKA® PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧

સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ

વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા

ફાયદા : ઉધઇ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ

પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે

ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી








# રાજુલાના દિપક ઠેકેદાર ૧૨૮મી વખત સોમનાથની પદયાત્રાએ નીકળ્યા

અમરેલી, તા.૧૦

રાજુલાના દીપકભાઈ ઠેકેદાર ૧૨૮ મી વખત સોમનાથ ગયા છે. રાજુલાથી સોમનાથ ૧૪૦ કિલોમીટર થાય છે. આમ તેઓએ કુલ ૧૮૦૦૦ કિ.મી જેટલું સોમનાથ- રાજુલા વચ્ચે પગપાળા યાત્રામાં અંતર કાપ્યું છે. વર્ષોથી તે શ્રાવણ માસમાં દર સોમવારે અને શિવરાત્રીના દિવસે સોમનાથ જાય છે. શહેરની સામાજીક સંસ્થાઓના આગેવાનો અને રાજકીય આગેવાનોએ દીપક ઠેકેદારનું અનેક વાર સન્માન કર્યુ છે.

## અવસાન નોંધ

**અમરેલી**

સ્વ.પુષ્પાબેન મનુભાઈ સોલંકીનો તા.૮/૩/૨૦૨૪ને શુક્રવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તે જયેન્દ્રભાઈ, ધર્મેન્દ્રભાઈ, ચેતનાબેન, લીનાબેનના માતૃશ્રી, મીનાબેન, છાયાબેન, વર્ષાબેન અને પદમીનીબેનના સાસુ થાય છે. તેમનું બેસણુ તા.૧૧/૩/૨૦૨૪ને સોમવારે બપોરે ૪થી ૬ સોની જ્ઞાતિની વાડી, મ્યુ. ગર્લ્સ સ્કૂલ રોડ, અમરેલી મુકામે રાખેલ છે.


શું તમે ૧૦,૧૨ ફેલ છો?




સરકાર માન્ય NIOS બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરો અને પાસ થવાની તક

અક્ષર એજયુકેશન,અમરેલી

કૌશિકભાઈ ધડુક : 6355741984

વી. કે. મોટર્સ




CAR SERVICE <> SPARE <> INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧

લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.

e_mail : kanpariyavipul4025@gmail.com

શું તમે ૧૦,૧૨ ફેલ છો?



ધોરણ ૧૦ અને ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડમાં પરીક્ષા આપી ઉજ્વળ ભવિષ્ય બનાવો

માન્ય બોર્ડ NIOS ૧૦૦% પરિણામ

માન્ય બોર્ડ NIOS ૧૦૦% પરિણામ

માહિતિ માટે

લક્ષ્ય એજયુકેશન,અમરેલી

બીજો માળ,સંસ્કાર કોમ્પલેક્ષ,લાઠી રોડ,કોલેજ સર્કલ-૩૬૫૬૦૧

Mo.7043819956, 9510140937




AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS

Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444

For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator

Buy online at: www.voltas.com

Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator

Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555 For product registration, SMS <WTA> to 9289525321 Buy only genuine Voltas stabilizers.

Follow us at My Voltas My Voltas My Voltas Voltas Limited My Voltas

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# બાબરાના નીલવડા ગામની સીમમાં પ્રેમી પંખીડાએ આપઘાત કરતા અરેરાટી

અમરેલી,તા.૧૦



અમરેલી જિલ્લામાં પરપ્રાંતિય પ્રેમી પંખીડાઓએ સજોડે આપઘાત કરી લેતા સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. બાબરા તાલુકાના નિલવડાની સીમમા આજરોજ પરપ્રાંતિય પ્રેમી યુગલે સજોડે ઝેર પી આપઘાત કરી લીધો હતો. ઘટનાને પગલે પોલીસ અહી દોડી ગઈ હતી અને બંનેની લાશને પીએમ માટે સરકારી દવાખાને ખસેડવામા આવી હતી. પરપ્રાંતિય પ્રેમી યુગલના આપઘાતની આ ઘટના બાબરાના નિલવડાની સીમમા બની હતી. સુત્રોમાથી જાણવા મળતી વિગત અનુસાર અહી રહેતા ભાભલુભાઈ આપાભાઈની વાડીમા મધ્યપ્રદેશમાં રહેતો ક્રિષ્ના રમનસિંહ (ઉ.વ.૨૧) બે વર્ષથી ખેત મજુરીનુ કામ કરતો હતો. આ યુવકને ઉષા ધૂમસિંહ નામની યુવતી સાથે પ્રેમસંબંધ હતો. જો કે બંનેના પરિવાર એક થવા નહી દે તેવા ડરથી બંનેએ ખેતરમા સજોડે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ બાબરા પોલીસને થતા પોલીસ અહી દોડી ગઈ હતી અને બંનેની લાશને પીએમ માટે બાબરા સરકારી દવાખાને ખસેડવામા આવી હતી. બનાવ અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સાવરકુંડલાના દિવ્યાંગ કાર્યાલયની મુલાકાતે ધારાસભ્ય મહેશ કસવાલા

સાવરકુંડલા, તા.૧૦



સાવરકુંડલાના કર્મઠ દિવ્યાંગ ભરતભાઈ વાઢેરની મદદ કાર્યાલયની સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ મેહૂલભાઈ ત્રિવેદી, અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડ્યા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ તથા દેવળા ગેઈટ ખાતે આવેલ શ્રી કૃષ્ણ ગૌશાળાના સેવાભાવી પ્રમુખ રાજુભાઈ બોરીસાગર પણ ઉપસ્થિત રહ્યાં હતાં. મહેશભાઈના ખૂબ નમ્ર અને વિવેકી સ્વભાવના દર્શન પણ અહીં થતાં જોવા મળ્યા હતા. આમ તો આ દિવ્યાંગ ઓફિસ ખાતે દિવ્યાંગોની સમસ્યાને તંત્ર સુધી પહોંચાડવા માટે ભરતભાઈ વાઢેર સતત પ્રયત્નશીલ રહે છે અને દિવ્યાંગના પ્રશ્નો અંગે પોતે નિઃશુલ્ક સેવા પણ આપતાં જોવા મળે છે. આ ઉપરાંત પોતાનાથી થતું કમ્પ્યુટર વર્ક દ્વારા લોકહિતની કામગીરી પણ કરતાં જોવા મળે છે.

# વિકટર વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં સ્પેશિયલ સેશનનું આયોજન કરાયું

અમરેલી, તા.૧૦



રાજુલાના વિકટર ગામે વોકેશનલ સ્કીલ ટ્રેનીંગ સેન્ટરમાં ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ દ્વારા વોકેશનલ સ્કિલ ટ્રેનિંગ સેન્ટરમાં તાલીમ લઈ રહેલા તાલીમાર્થી ૧૦૮ની કામગીરીથી માહિતગાર થાય તે માટે એક સ્પેશ્યલ સેશનનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં ૧૦૮ના ટીમ મેમ્બર ભરતભાઈ શિયાળ દ્વારા એમ્બ્યુલન્સની સેવાની તેમજ અકસ્માત દરમિયાન દર્દીને અપાતી પ્રાથમિક સારવાર અને CPRની માહિતી આપવામાં આવી હતી. તેમજ ૧૦૮ની અન્ય કામગીરીથી પરિચિત કરવામાં આવ્યા હતા.

# સા.કુંડલાના થોરડી અંધવિદ્યાલય ખાતે લહિયા કેમ્પનું આયોજન

સાવરકુંડલા, તા.૧૦



શ્રી નિવાસી અંધ વિદ્યાલય લોક વિદ્યામંદિર થોરડી તાલુકો સાવરકુંડલા ખાતે જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી તથા જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગ બાળકોને સરળતાથી લહિયા મંજૂરી મળી રહે તે માટે શાળામાં લહિયા કેમ્પનું આયોજન થયું હતું. આ આયોજન જિલ્લા શિક્ષણ અધિકારી ગોહિલ તથા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી આર. બી . ખેરના માર્ગદર્શન હેઠળ થયું હતું, જેમાં જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા દરેક તાલુકામાં જુદી જુદી ટીમ શાળાઓમાં જઈ દિવ્યાંગ બાળક તેમજ તેના લહિયાની ખરાઈ કરવામાં આવી હતી.જેથી દરેક શાળાને જિલ્લા સુધી બાળકને તથા તેના લહિયાને લઈને ન જવું પડે. શાળાઓ દ્વારા સરકારની આ પહેલને બિરદાવવામાં આવી હતી શ્રી લોકવિદ્યા મંદિરના ૧૯ દિવ્યાંગ બાળકોને આ કેમ્પથી લાભ મળ્યો હતો.

# સાવરકુંડલાના નવાગામમાં પત્નીના લગ્નેતર સંબંધના કારણે પતિનો આપઘાત

અમરેલી,તા.૧૦

સાવરકુંડલા તાલુકાના નવાગામમાં પત્નીને પરપુરૂષ સાથે પ્રેમ સબંધ હોવાથી પત્ની છોડીને જતી રહેશે તો બાળકોના ભવિષ્યનું શું થશે તેમ મનમાં લાગી આવતા પુરૂષે આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

સાવરકુંડલાના નવાગામ ખાતે રહેતા રાઘવભાઈ ગોવિંદભાઈ મેરની પત્ની જયશ્રીબેનને ગુલાબભાઈ સેકાભાઈ સોલંકી સાથે પ્રેમસબંધ હોય તેની પત્ની ગુલાબભાઈ સાથે જવા માંગતી હોવાથી જો પત્ની તેની સાથે જતી રહેશે તો તેનુ અને તેના બાળકોનું શુ થશે તેની ચિંતામાં રાઘવભાઈએ ઘરની બહાર આવેલ નેરામાં બાવળના ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ જતા ચકચાર મચી જવા પામી છે.

# ધારીના હીમખીમડીપરામાં મુરઘી વેચવા બાબતે ચાર શખ્સોએ યુવકને માર માર્યો

## યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ

અમરેલી,તા.૧૦

ધારીના હીમખીમડીપરામાં મુરઘી વેચવા બાબતે ચાર શખ્સોએ એકસંપ કરી યુવાનને ઢોર માર મારી મારી નાખવાની ધમકી આપતા યુવકે ધારી પોલીસ સ્ટેશનમાં ચાર લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ધારીના હીમખીમડીપરામાં રહેતા ફરિયાદી સીકંદર શરીફભાઈ ફુલસેડાને આરોપી મકસુદ ઈબ્રાહીમ કટારીયા, કયુમ ઈબ્રાહીમ કટારીયા, ઈજામુલભાઈ અને ઈજામુલભાઈનો ભાઈ એમ ચારેય શખ્સો સાથે મુરઘી વેચવા બાબતે સમાધાન થઈ ગયેલ હતુ. આમ છતા ફરિયાદી સીકંદર મુરઘી વેચવાનું ચાલુ રાખતા ચારેય શખ્સોએ ફરિયાદીને કહેલ કે તમોને મુરઘી વેચવાની ના પાડવા છતાં કેમ મુરઘી વેચો છે. આરોપીઓએ એકસંપ કરી એકબીજાની મદદગારી કરી ફરિયાદીને મૂંઢમાર માર્યો હતો તેમજ ગાળો આપી શરીરે ઈજા કરી મારી નાખવાની ધમકી આપતા સીકંદરે ચારેય શખ્સો સામે ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# દામનગરમાં બ્રહ્મકુમારીઝ દ્વારા દ્વાદશ જ્યોતિર્લીંગમ દર્શન યોજાયું

દામનગર, તા.૧૦




દામનગર શહેરમાં સૌપ્રથમ વાર શિવરાત્રિ પ્રસંગે બ્રહ્મકુમારીઝ ગારિયાધાર દ્વારા દ્વાદશ જ્યોતિર્લીંગમ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતુ. શહેરની એમ.સી મહેતા હાઈસ્કૂલના પરિસરમાં આ પ્રદર્શન યોજવામાં આવ્યું હતુ. જેમાં સંખ્યાબંધ શ્રદ્ધાળુઓએ બે દિવસ સુધી જ્યોતિર્લીંગમ સાથે ઉત્તમ જીવન દર્શન આપતું પ્રદર્શન નિહાળ્યુ હતુ અને રાત્રિના શિવમહિમાનું હૃદયંગમ પ્રવચન ભુમિકાદીદીના વ્યાસાસને યોજાયુ હતુ. જેનો લાભ શહેરીજનોને મળ્યો હતો.

# જાફરાબાદ, સુડાવડ અને વંડામાં મોબાઈલ ચોરી થતા ફરિયાદ

અમરેલી,તા.૧૦

જાફરાબાદ અને બગસરામાં મોબાઈલ ચોરી થઈ જતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં જાફરાબાદના મીઠીવાવમાં રહેતા દિનેશભાઈ મનુભાઈ બારૈયા બાઈક લઈને નાસ્તો કરવા માટે ગયા હતા અને ત્યાંથી પરત આવતી વખતે તેમનો વીવો કંપનીનો મોબાઈલ ફોન કિ.રૂ.૨૭૯૯૯ જે પેન્ટના ખીસ્સામાં રાખેલ હોય તે મોબાઈલ અજાણ્યા ઈસમના હાથમાં આવી જતા તેમણે મોબાઈલ સ્વીચ ઓફ કરી નાખતા ફરિયાદીએ જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તો બગસરાના સુડાવડ ગામે ચંદ્રેશભાઈ સુભાષભાઈ ચોટલીયા રહે. સુરતવાળાએ પોતાના મામા હર્ષદભાઈ કેશવજીભાઈ જેઠવાના મકાનમાં સેમસંગ કંપનીનો મોબાઈલ નોટ-૧૦ કિ.રૂ.૩૦૦૦૦ ચાર્જિંગમાં મુકેલ હોવાથી અજાણ્યો ઈસમ ઘરમાં પ્રવેશી મોબાઈલ ચોરી જતા ફરિયાદીએ બગસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પીયાવા ગામે ફરિયાદી રાહુલ અનકભાઈ ચૌહાણ નાસ્તો કરવા માટે દુકાનની બહાર ગયેલ હોય ત્યારે વીવો કંપનીનો મોબાઈલ કિ.રૂ.૨૦૯૯૦ ટેબલ પર મુકેલ હોય ત્યારે કોઈ અજાણ્યો ઈસમ મોબાઈલ ચોરી જતા વંડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ એકમ
તા. ૧૧-૦૩-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૬:૩૪, સૂર્યાસ્ત-૦૬:૨૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

**તા.૧૧-૦૩-૨૦૨૪ — સોમવાર**

મેષઃ આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભઃ આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુનઃ ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્કઃઆજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. સાંજથી મોડી રાત સુધી તમે પરિવાર સાથે મુસાફરીનો આનંદ મેળવશો.

સિંહઃ આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યાઃ આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલાઃ આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે.

વૃશ્ચિકઃ આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધનઃ આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે.

મકરઃ ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભઃ આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીનઃઆજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે જે તમારી આસપાસના અન્ય સાથીદારોમાં વધતી કડવાશને કારણે મુશ્કેલી ઊભી કરી શકે છે.

# રાજુલામાં રૂપિયાની માંગણી કરી એન્જિનિયરને માર માર્યો

## એન્જિનિયરે પાંચ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી

અમરેલી,તા.૧૦

રાજુલામાં હાઈવેનું કામ કરી રહેલા એન્જિનિયરને ત્રણ શખ્સોએ વારંવાર રૂપિયા માંગી નદીનો રસ્તો બંધ જવા મુદ્દે સારૂ નહી લાગતા ઢોર માર મારતા એન્જિનિયરે પાંચ શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાવી હતી.

રાજુલાના એન્જિનિયર સાહીલ બીજેન્દ્રભાઈ એહલાવત મહુવા-કાગવદર નેશનલ હાઈ-વે પ્રોજેકટ પર હીંડોરાણા ગામે ધાતરવડી નદી પર આવેલ પુલ પાસેથી પ્રોજેકટની જમીનમાં દિવાલ બનાવવા ખોદકામ કરતા હતા. જેમાં હીંડોરાણા ગામેથી ધાતરવાડી નદીમાં જવાનો રસ્તો બંધ થતો હોય જે આરોપીઓને સારૂ નહી લાગતા આરોપીઓ સામતભાઈ, લાલાભાઈ, ઘનશ્યામ અને બે અજાણ્યા શખ્સોએ એકસંપ કરી એન્જિનિયરને લાકડી, પાઈપથી ઢોર માર માર્યો હતો. હાઈવેનું કામ અટકાવી આરોપીઓ અવાર-નવાર બળજબરીપૂર્વક રૂપિયાની માંગણી કરતા હોય જેથી એન્જિનિયરે પાંચેય શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે.

# થોરડી નિવાસી વિદ્યાલયના પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ઝળક્યા

સાવરકુંડલા,તા.૧૦

રાજ્ય સરકાર દ્વારા યોજાયેલા ખેલ મહાકુંભમાં અમરેલી જિલ્લા રમતગમત કચેરી દ્વારા સ્પે.ખેલ મહાકુંભનું આયોજન કરાયું હતું . જેમાં અમરેલી જિલ્લાના ૨૫૦ થી વધારે દિવ્યાંગ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો . જેમાં ૧૦૦ મીટર દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક, ચક્ર ફેંક, બરછી ફેંક જેવી એથલેટિક્સ રમતો યોજાઈ હતી. આ ખેલ મહાકુંભમાં થોરડી નિવાસી અંધ વિદ્યાલયના ૩૨ દિવ્યાંગ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. જેમાંથી જિલ્લા કક્ષાએ ૩ વિદ્યાર્થીઓએ પ્રથમ, ૬ છાત્રોએ દ્વિતીય અને ૭ વિદ્યાર્થીઓએ તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંજયભાઈ પંડ્યા સહિતનાએ જહેમત ઉઠાવી હતી. ખેલ મહાકુંભમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય હિતેશભાઈ દેસાઈ અને ટ્રસ્ટી કાંતિભાઈએ બિરદાવ્યા હતા.

# રાજુલામાં ૨૯ વર્ષીય યુવકનું હૃદયરોગના હુમલામાં મોત

અમરેલી,તા.૧૦

વર્તમાનમાં હૃદય ધબકારા ચુકી જવાના કિસ્સા વધી રહ્યાં છે. હવે એવું લાગે છે કે આ શબ્દનો ઉપયોગ વારંવાર કરવો પડે અને એ પણ મોટેભાગે અજુગતી ઘટનામાં. નાની ઉમરે હૃદયના ધબકારા બંધ થઈ જાય અને કોઈ વ્યક્તિ અચાનક ચિર નિંદ્રામાં પોઢી જાય. સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અનેક સ્થળોએ એવા કિસ્સા બન્યા કે જેમાં યુવાન વયે હૃદય થંભી ગયું હોય અને વ્યક્તિનું મૃત્યુ થયું હોય. કોઈ ગરબાની પ્રેક્ટિસ દરમિયાન અચાનક ઢળી પડે છે, કોઈ ક્રિકેટ રમતા રમતા બેભાન થઈ જાય છે. તો કોઈ ઓફિસ કે કારખાનામાં કામ કરતા કરતા હૃદયરોગના અચાનક હુમલાથી મૃત્યુને ભેટે છે. આવો જ એક બનાવ રાજુલામાં બનવા પામ્યો છે. જેમાં શહેરના ચામુંડા વીડિયો પાસે રહેતા મયુર શામજી બાબરા(ઉ.વ.૨૯)ને છાતીમાં દુઃખાવો થતા તાત્કાલિક સારવારમાં ખસેડાયો હતો. જયાં ડોકટરોએ યુવકને મૃત જાહેર કર્યો હતો.

# ધારીના મોણવેલ ગામે યુવતી ભાગી જતા માતા-પુત્રને લોખંડના પાઈપ ઝીંક્યા

## આ ઘટનામાં સામ-સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના મોણવેલ ગામે યુવતી ભાગી જતા યુવતીના પરીવારજનોએ માતા-પુત્રને લોખંડના પાઈપ ઝીંકી લોહીલુહાણ કરતા ધારી પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ધારીના મોણવેલ ગામે ફરીયાદી મુનાભાઈ વલકુભાઈ વાઘેલા વાડીએ ભાગીયુ રાખી કામ કરતા હોવાથી આરોપી રવી રમેશ ચારોલીયા, રમેશ હરી ચારોલીયા, પંકેશ મનુ ચારોલીયા, પપુ મનુ ચારોલીયા ફરીયાદની વાડીએ ધસી ગયા હતા જયાં તેમણે ફરીયાદીને કહેલ કે તારો ભાઈ મુકેશ અમારી દીકરીને ભગાડીને લઈ ગયો છે તે કયાં છે તેમ કહી ફરીયાદીએ આ બાબતે કશુ જાણતો ન હોવાનું જણાવતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને લોખંડના પાઈપનો એક ઘા ફરીયાદીના માથાના ભાગે ઝીંકી દીધો હતો. તેમજ અન્ય આરોપીએ પણ ફરીયાદીને આડેધડ માર મારતા ફરીયાદીને બચાવવા તેમના માતા વચ્ચે પડતા તેમને પણ લોખંડના પાઈપ ઝીંકી દેતા માતા-પુત્ર લોહીલુહાણ હાલતમાં ઢળી પડયા હતા. જેથી ફરીયાદીએ ચારેય શખ્સો સામે ધારી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. તો સામા પક્ષે રવી રમેશ ચારોલીયાએ ફરીયાદ નોંધાવી છે કે,આરોપી વલકુ ભીમાભાઈ ચારોલીયાનો ફોન આવેલ કે તમારી દિકરીને તેડી જાવ જેથી ફરીયાદીના મોટાબાપુના દિકરા પંકેશ, પપુ પ્રાઈવેટ વાહનમાં મોણવેલ ગામે પહોચ્યા હતા. જેથી આરોપીએ કહેલ કે તમોએ કેસ કરેલ છે તે પાછો ખેંચી લો તો તમારી દીકરીને શોધી આપીએ જેથી ફરીયાદીએ ના પાડતા આરોપી મુના વલકુ, વલકુ ભીમા,રમેશ ભીમાએ એક સંપ કરી કુહાડીની મુંધરાટી મારતા ઈજા કરી હતી. પોલીસે બંને પક્ષોની ફરીયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

**તંત્રી લેખ**

# અમેરિકાની ચૂંટણીમાં ભારે રસાકસી

સત્તાની ખુરશીનો મોહ  જેવો તેવો નથી પછી તે ભારતના નેતા હોય કે અમેરિકાના અમેરિકાના સૌથી વધુ ઉમર ધરાવતા નેતાઓ મેદાને જંગમાં ઊભા છે અને જીતવા માટે આકાશ પાતાળ એક કરી રહ્યા છે. વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ ભારત છે. ભારતમાં ૨૦૨૪ ની ચૂંટણી સાવ નજીક આવી ગઈ છે. બીજી બાજુ વિશ્વની સૌથી જૂની લોકશાહી ધરાવતો અમેરિકા દેશ પણ ચૂંટણીના રંગે રંગાઈ રહ્યો છે.

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી આવી રહી છે તે પહેલા ભારતમાં લોકસભાની ચૂંટણી યોજવાની છે. અમેરિકાની ચૂંટણી ઉપર દુનિયાભરની નજર છે કારણ કે આ વખતની ચૂંટણીમાં બે વયોવૃદ્ધ રાષ્ટ્રપતિઓ એકબીજા સામે ચૂંટણીનો જંગ જીતવા માટે ઊભા છે. મહત્વની વાત એ છે કે, અમેરિકાની પહેલાં જ ભારતમાં સામાન્ય ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. પરંતુ બંને દેશો વચ્ચેના પરસ્પર સંબંધો એવા તબક્કે પહોંચી ગયા છે કે સત્તા પરિવર્તનથી તેમાં બહુ ફરક પડશે તેવી આશા ન રાખી શકાય. તેમ છતાં ડોનાલ્ડ ટ્રમ્પના તેમના છેલ્લા કાર્યકાળમાં એના તરંગી સ્વભાવને કારણે ટેરિફ પરના અણધાર્યા વલણે કેટલાક પ્રશ્નો ઊભા કર્યા હતા. પરંતુ ભારત સાથેના મૈત્રી પૂર્ણ સંબંધોમાં આને કારણે બહુ ઝાઝો ફેર પડ્યો નથી અને તેથી તેને વધુ મહત્વ આપવામાં આવ્યું નથી.  હવે સ્પષ્ટ થઈ ગયું છે કે, અમેરિકામાં ૨૦૨૪ની રાષ્ટ્રપતિ ચૂંટણી ગત વખત જેવી જ હશે.૧૯૧૨ પછી પ્રથમવાર કોઈ પૂર્વ રાષ્ટ્રપતિ વર્તમાન રાષ્ટ્રપતિને પડકાર ફેંકશે. બંને ઉમેદવાર રાષ્ટ્રપતિ બાઈડેન અને રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પ જાણીતા છે. છતાં લગભગ૨૦%,મતદારોના મનમાં શું ચાલી રહ્યું છે તે જાણી શકાયું નથી અમેરિકાના મતદારો સિક્રેટિવ છે તે પોતાના મનની વાત કહેતા નથી કે અમે કોને મત આપીશું. વર્ષ ૨૦૦૦ની પ્રથમ છ ચૂંટણીમાં જીતનું સરેરાશ માર્જિન ૭ પોઈન્ટ રહ્યું છે. ૨૦૦૦ પછીની છ ચૂંટણીમાં આ ૩ પોઈન્ટ રહ્યું છે.

બાઈડેન (૮૧ વર્ષ) અને ટ્રમ્પ (૭૭ વર્ષ) સૌથી વયોવૃદ્ધ અને બીજા સૌથી વૃદ્ધ ઉમેદવારનો રેકોર્ડ બનાવશે. રિપબ્લિકન પાર્ટીમાં ટ્રમ્પનો દબદબો છે. તો ડેમોક્રેટિક પાર્ટીના સમર્થકોમાં બાઈડેનના ચૂંટણી જીતવા અંગે શંકા છે. ૮૫% અમેરિકન અને ૭૦%ડેમોક્રેટસ વિચારે છે કે, બીજા કાર્યકાળ માટે બાઈડેનની ઉમર ઘણી વધુ છે. અમેરિકાની સામાન્ય ચૂંટણીમાં હજુ સુધી કોઈ ચોક્કસ ચિત્ર નથી આમ છતાં એમ કહી શકાય કે બે વૃદ્ધ નેતાઓને પસંદ કરવાને બદલે લોકો કેનેડીને પસંદ કરે એવું બની શકે આમ થાય તો પણ ભારત અને અમેરિકાના સંબંધોમાં ઓટ આવે તેમ નથી.

# અસાધ્ય રોગોના અનેક કારણોમાં મુખ્ય કારણ છે મેદસ્વીપણું

**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ

આ જગતમાં જે સાવ દુબળા પાતળા છે તેને જાડા થવું છે અને જે જાડા છે તેને પાતળા થવું છે. પરંતુ ઓછા લોકો એવું વિચારે છે કે પ્રમાણસર શરીર હોય તે ખૂબ સારી વસ્તુ ગણી શકાય વજનના પ્રમાણમાં ઊંચાઈ હોવી જરૂરી છે જેનું વજન સાવ ઓછું છે તે લોકો નિર્બળતા અનુભવે છે અને જે લોકો ઓવરવેટ છે તેને અનેક પ્રકારની સમસ્યાઓનો આ જગતમાં સામનો કરવો પડે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે મેડિકલ સાયન્સ અતિશય વિકસતું જાય છે અને એમ માનવામાં આવતું હતું કે મેડિકલ સાયન્સના અમાપ વિકાસ પછી જગતમાંથી મોટાભાગના રોગો અદ્રશ્ય થઈ જશે પરંતુ આવી સ્થિતિ હજુ સુધી આવી નથી જેમ જેમ મેડિકલ સાયન્સ વિકસતુ ગયું તેમ રોગોની જટિલતા અને સંખ્યા પણ વધવા લાગ્યા.

આયુર્વેદની દ્રષ્ટિએ રોગના ત્રણ પ્રકાર પડે છે એક સહજ સાધ્ય રોગ ગણાય છે. જે આપમેળે મટી જાય છે. બીજા પ્રકારના રોગ કષ્ટ સાધ્ય રોગ કહેવામાં આવે છે. જે ખૂબ જ હેરાન કરી નાખે છે અને ત્રીજા પ્રકારમાં જે રોગ આવે છે તેને અસાધ્ય રોગ કહેવામાં આવે છે આવા અસાધ્ય રોગ જીવલેણ છે. આવા રોગોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. આ વિશ્વ આરોગ્ય સંસ્થા માટે એક પડકારરૂપ છે. અહીં એક કારણ ઊડીને આખી વળગે તેવું એ છે કે જે અસાધ્ય રોગો થાય છે. તેમાં મોટાભાગના લોકો ઓવરવેટ એટલે વધારે પડતું વજન ધરાવતા લોકો હતા. આ એક ખૂબ મોટી સમસ્યા છે જેનું નિવારણ કરવું અતિશય કપરૂ કામ છે.

દુનિયાભરના લોકોમાં મેદસ્વીપણાની સમસ્યા વધતી જાય છે. હાલમાં એક અબજથી વધુ લોકો મેદસ્વીતાના શિકાર બનેલા છે. એક સમયે મેદસ્વીતાને માત્ર સમૃદ્ધ પશ્ચિમી દેશોની સમસ્યા માનવામાં આવતી હતી, પરંતુ હવે તે ઓછી તથા મધ્યમ આવકવાળા દેશોની સમસ્યા બની રહી છે. આરોગ્ય નિષ્ણાતો અનુસાર મેદસ્વીતા કેટલીય ગંભીર બીમારીઓને નોતરે છે.

મેડિકલ જર્નલ લાન્સેટમાં પ્રકાશિત અહેવાલ અનુસાર દુનિયાભરમાં મેદસ્વીતાના શિકાર એક અબજ લોકોમાં ૮૬ કરોડ લોકો પુખ્ત વયના છે જ્યારે ૧૫ કરોડ ૯૦ લાખ બાળકો છે. મહિલાઓમાં મેદસ્વીતા વધવાની સૌથી વધુ ગતિ ટોંગા દેશમાં અને અમેરિકી દેશ સમોઆમાં નોંધાઈ છે. સમોઆ અને નાઉરુમાં પુરુષોમાં મેદસ્વીતા વધવાનો દર સૌથી વધુ છે. અહીં ૭૦ અને ૮૦ ટકા પુખ્ત લોકો મેદસ્વીતાના શિકાર છે. સ્ત્રીઓમાં મેદસ્વીપણાના સંદર્ભમાં ભારત ૧૯મા ક્રમે છે, જ્યારે પુરુષોમાં તે ૨૧મા ક્રમે છે.વૈજ્ઞાનિકોની આંતરરાષ્ટ્રીય ટીમે કહ્યું છે કે મેદસ્વીતા સામે લડવા માટે નવા પગલાં ભરવાની જરૂર છે. મેદસ્વીતાને કારણે હૃદયરોગ, ટાઈપ ટુ ડાયાબિટીસ અને કેન્સર જેવી બીમારીઓ થઈ શકે છે. મેદસ્વીતાની રેન્કિંગ (મેદસ્વીતાના શિકાર લોકોની ટકાવારી, તેમાં ઉંમરના અંતરને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યું છે) ના હિસાબે કેટલાક દેશોની સ્થિતિ આ પ્રમાણે છે. પુરુષોમાં મેદસ્વીપણામાં સૌથી ઝડપી વૃદ્ધિના સંદર્ભમાં અમેરિકા ૧૦મા ક્રમે છે અને મહિલાઓમાં મેદસ્વીતાના સંદર્ભમાં ૩૬મા ક્રમે છે.પુરુષોમાં મેદસ્વીતા વધવાના મામલે સૌથી વધુ ઝડપ ધરાવતા દેશોમાં બ્રિટનનો ક્રમ ૫૫મો છે. મહિલાઓમાં મેદસ્વીપણાના સંદર્ભમાં ચીન ૧૧મા ક્રમે અને પુરુષોમાં ૫૨મા ક્રમે છે. બાળકો અને કિશોરોમાં ઝડપથી વધ્યું મેદસ્વીપણું  "આમાંના ઘણા દેશોમાં મેદસ્વીપણું એ તંદુરસ્તી વિરુદ્ધ બિનઆરોગ્યપ્રદ ખોરાકનો મામલો બની ગયો છે.""કેટલાક કિસ્સાઓમાં આ માર્કેટિંગ કંપનીઓની આક્રમક વ્યૂહરચના પણ છે જે બિનઆરોગ્યપ્રદ ખોરાકને પ્રોત્સાહન આપે છે." આ સિવાય કેટલીકવાર જ્યારે હેલ્ધી ફૂડની કિંમત વધારે હોય અથવા તે ઉપલબ્ધ ન હોય ત્યારે પણ લોકો એવા ફૂડને પ્રાધાન્ય આપે છે જે મેદસ્વીતા વધારી શકે છે.

પ્રૉફેસર એઝાતીએ વર્ષોથી મેદસ્વીપણાના આંકડાઓ પર નજર રાખી રહ્યા છે. તેની વધતી જતી ગતિ અને તેના બદલાતા ચિત્રથી તેઓ આશ્ચર્યચકિત છે. હવે ઘણા બીજા દેશો પણ લોકોમાં વધતી મેદસ્વીપણાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. જ્યાં લોકોમાં ઓછું વજન એક સમસ્યા તરીકે સામે આવી રહ્યું હતું તેવાં સ્થળોની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. રિપોર્ટ અનુસાર ૧૯૯૦ અને ૨૦૨૨ વચ્ચે બાળકો અને કિશોરોમાં મેદસ્વીપણાનો દર ચાર ગણો વધી ગયો છે. પુખ્ત વયની મહિલાઓમાં આ દર બમણા કરતાં પણ વધુ ઝડપથી વધ્યો છે. પુખ્ત પુરુષોમાં આ ઝડપ ત્રણ ગણી છે. આ દરમિયાન ઓછા વજનવાળા પુખ્ત વયના લોકોના પ્રમાણમાં ૫૦ ટકાનો ઘટાડો થયો છે. જોકે, સંશોધકોનું કહેવું છે કે આ સમસ્યા હજુ પણ ગરીબ દેશોમાં છે. ઉપવાસ કરવાથી વજન ઘટે ખરું? ઉપવાસ કરવાથી શરીરમાં શું થાય? ,"જળવાયુ પરિવર્તનથી થઈ રહેલી અસરો, કોવિડ-૧૯થી શરૂ થયેલી ઊથલપાથલ અને યુક્રેનમાં યુદ્ધની પરિસ્થિતિઓએ વધુ વજન અને ઓછું વજન એમ બંને પ્રકારની સમસ્યાઓમાં વધારો કર્યો છે. કારણ કે આ પરિસ્થિતિઓથી ગરીબી વધી છે અને લોકો પોષક ભોજનથી દૂર થઈ ગયા છે." "આ પરિસ્થિતિઓનો બીજો દુષ્પ્રભાવ એ ઊભો થયો છે કે કેટલાક દેશોમાં પરિવારોને પર્યાપ્ત ભોજન નથી મળી રહ્યું. તેઓ બિનસ્વાસ્થ્યપ્રદ ભોજનની તરફ વળી રહ્યા છે." ૧૫૦૦થી વધુ સંશોધકોના નેટવર્કે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના સહયોગથી પાંચ વર્ષ અને તેથી વધુ ઉંમરવાળા ૨૨ કરોડ લોકોની ઊંચાઈ અને વજન માપ્યું છે. તેના માટે તેમણે બૉડી માસ ઈન્ડેક્સ એટલે કે બીએમઆઈનો સહારો લીધો હતો.

બોડી માસ ઈન્ડેક્સ એ એવા આંકડો છે જે માનવીના વજન ઉંમર અને ઊંચાઈ સાથે સંબંધિત છે તે એક પ્રમાણ છે કે ચોક્કસ ઉંમરે ચોક્કસ ઊંચાઈ હોય ત્યારે વજન અમુક હોવું જોઈએ જો તે ન હોય તો તેને ઓબેસિટી માં ગણવામાં આવે છે ઓબેસિટીમાં શરીરમાં ચરબી જમા થાય છે આ ચરબી બે પ્રકારની હોય છે તેમાં શરીરમાં ઉપયોગી ચરબી પણ હોય છે અને બીજી હાનિકારક પણ હોય છે જે હાનિકારક ચરબી છે તે લોહીની નસોમાં ગઠ્ઠા બનાવે છે પરિણામે બ્લડપ્રેશર હાર્ટ એટેક જેવા રોગો જન્મે છે ગ્રીન સ્ટ્રોક પણ આના કારણે આવે છે ટૂંકમાં મેદસ્વીપણું અનેક પ્રકારના જીવન રોગોનું મૂળ છે તે જગતભરમાં સ્વીકૃત વાત છે.



# માનવ જીવનની મહત્વની બાબત : આશા અમર છે અને નિરાશા ક્ષણિક છે

**મનન ચિંતન**

ભરત બાવીશી

> **આશાઓથી બંધાયેલુ એક જિદી પંખી છે માણસ.. જે ઘાયલ પણ આશાઓથી છે અને જીવંત પણ આશાઓથી જ છે..!!**

આ સંસાર એટલે માનવ જીવનનું આખું આયખું, જેમાં દરેક વ્યક્તિનું જીવન આશા અને નિરાશા વચ્ચે વણાયેલું છે.બાળક જન્મે છે. અને તેનામાં સમજણ આવે છે ત્યારથી તે આશા રાખતું થઈ જાય છે.હજી બોલતા ના શીખ્યું હોય છતાં હાવ ભાવ અને ઈશારાથી તે પોતાની આશાઓ પ્રગટ કરતું હોય છે. જો તેની આશા પૂરી થાય તો ખુશીના હાવભાવથી સંતોષ વ્યક્ત કરે છે અને આશા પૂર્ણ ન થાય તો અસંતોષના હાવભાવ વ્યક્ત કરે છે. ટૂંકમાં માણસના જીવનમાં જન્મથી જ આશા અને નિરાશાનું ગણિત શરૂ થઈ જાય છે અને જેમ જેમ ઉંમર વધે છે તેમ તેમ આશાઓ વધતી જાય છે અને આજીવન માણસ આશા અને અરમાન સાથે જીવન જીવતો હોય છે.

આશા એ એવું પરિબળ છે કે જે માણસને નિરાશ પણ કરે છે અને જીવવા માટેનું બળ પણ પૂરું પાડે છે. આમ માણસ એ આશાઓથી બંધાયેલું જિદ્દી પંખી છે જે ઘાયલ પણ આશાઓથી થાય છે અને જીવિત પણ આશાઓથી જ રહે છે. આમ આશા એ માનવ જીવનનું મહત્વનું પરિબળ છે. આ જગતમાં તમામ વ્યક્તિ પોતાના જીવનમાં ડગલે ને પગલે કૈક ને કૈક આશા સાથે આગળ વધે છે. આશાઓ પરિપૂર્ણ કરવા કર્મ કરે છે. આ કર્મ વિવિધ શારીરિક માનસિક ક્રિયા -પ્રતિક્રિયા સ્વરૂપે હોય છે.આમ વ્યક્તિ પોતાની આશા પૂરી કરવા કે અરમાનો સિદ્ધ કરવા માટે કર્મ કરતા કરતા જીવનમાં સક્રિય રહે છે.અને પછી જો ઈચ્છિત ફ્લ પ્રાપ્ત થાય તો આશા પૂરી થવાની ખુશી સાથે સંતોષ મેળવે છે અને ફરી બીજી આશા જાગે છે.અને એ પુર્ણ કરવા ફરી પ્રયત્નશીલ બની જાય છે.જો આશા પૂરી ન થાય તો વ્યક્તિ નિરાશ થઈ જાય છે.મનથી ઘાયલ પણ થાય છે. ત્યારે કોઈને કોઈ સ્વરૂપે તેને આશ્વાસન કે દિલાસો મળે છે. આ આશ્વાસન પણ એક પ્રકારની આશા જ હોય છે.જે ફરી વ્યક્તિને જીવવા માટેનું ચાલક બળ પૂરું પાડે છે. કોઈ જેની આશાએ જીવતું હોય એ આધાર છીનવાઈ જાય ત્યારે વ્યક્તિ નિરાશ થઈ જાય છે.જીવનમાં રસ કસ ગુમાવી બેસે છે.પરંતુ કુદરતે આ સંસાર ચક્રમાં મોહ માયા સ્વરૂપે આશાઓ અને અરમાનોની ગોઠવણી જ એવી કરેલી છે કે ધીમે ધીમે દુઃખ ભુલાતું જાય છે અને નવી આશા નવા જીવન માટે પ્રેરણા બને છે.આમ આશા અને નિરાશાનું ચક્ર ફર્યા જ કરે છે.જેને આપણે સુખ દુઃખ તરીકે ઓળખીયે છીએ એ તમામ બાબતો આશા અને નિરાશા સાથે સંકળાયેલ હોય છે.જો આશા જેવું તત્વના હોત તો માણસને જીવનમાં કોઈ જાતનો રસ કસ જ ના રહેત. એટલે કે વ્યક્તિની મનની ઈચ્છાઓને આપણે આશાઓ કહીએ છીએ એજ ઈચ્છાઓ વ્યક્તિના જીવનનું ચાલક બળ હોય છે.આવી અધૂરી રહેલી ઈચ્છાઓને આપણે નિરાશા કહીએ છીએ. પ્રત્યેક નિરાશા પછી એક નવી આશા જન્મ લે છે જે વ્યક્તિને જીવિત રાખે છે.જ્યારે આસપાસમા કોઈ આશા દેખાતી નથી ત્યારે આખરે દૂર દૂર નહિ પણ આપણી અંદર બિરાજમાન પરમતત્વ એટલે પરમાત્મા પરની આખરી આશા માણસને જીવિત રાખે છે. આમ આશા અમર છે ત્યાં સુધી માણસ જીવિત છે. જેમ મધદરિયે ડૂબતાં માણસને કિનારાની આશા જીવાડે છે તેમ ભવસાગરમાં ડૂબતા માણસને મોક્ષની આશા સારા ધાર્મિક કાર્યો સાથે જીવાડે છે.

**દિકરી મારી લાડકવાય**

# ખેડૂત પોતાની વેલ્યુ અને વેલ્યુએડીશન સમજે






**ઝાકળનું એક બિંદુ**

હિરેન હિરપરા

ખેડૂત જગતનો તાત છે. અન્નનો એક દાણો વાવે અને હજાર દાણા પરસેવો પાડીને ઉત્પન્ન કરે. ખેતરમાં લહેરાતો ઉભો મોલ હોય બળ-બળતી બપોરે ધોરીયાના કાંઠે પાણીના કયારાના નાકા વાળે પાક તૈયાર થાય. થ્રેસર ચાલતું હોય અને કોઈ સાધુ-મહાત્મા, અભ્યાગત પોતાના ખળે આવે અને પોતાના ઘેર એકપણ દાણો ગયો ન હોય છતાં એ આવેલા અભ્યાગતને સુંડલા ભરીને આપે એ મારા દેશનો ખેડૂત તેની ખાનદાની અને ખુમારીને આજે જાણે આંખે ઝાંખપ લાગી હોય તેવુ થાય છે. ખેડૂતનો માલ ચોર ખાય, મોર ખાય, બાકી રહેતો વચેટીયા ખાય ખાવાવાળા બે પાંદડે થયા પણ ખાનદાની ખેડૂતોએ પોતાની ખાનદાની છોડી નથી.

યુગોથી ખેતીએ જીવન-નિર્વાહ પધ્ધતિ આપણા દેશમાં રહી છે. પોતાના વ્યવહાર સાચવા અન્ન-ચિજ-વસ્તુઓના બદલામાં ચિજ વસ્તુઓની પ્રથા હતી. નવી પેઢીએ વડીલો પાસે બેસીને ભવ્ય ભૂતકાળ વાગોળવાની તાતી જરુરિયાત છે. જે પરિવાર, સમાજ, જ્ઞાતિ કે દેશ પોતાના સંસ્કાર અને સંસ્કૃતિ ભૂલે છે. કાળક્રમે તેનો નાશ થતો હોય છે.

આજે ખેતી જીવન નિર્વાહ પધ્ધતિ નથી. આજે વૈજ્ઞાનિક ઢબે થતી ખેતી આધુનિક ઈન્ડ્રસ્ટ્રીઝનું સ્થાન લઈ રહી છે. ખેતી ખોટનો ધંધો નથી. પણ ખેતી એ વ્હાઈટ કોલર જોબ પણ નથી. જેમાં સતત અને સખત પરિશ્રમ છે. અને વ્યવસાય કુદરત પર આધારિત છે.

આજે દેશના કૃષિકારની પ્રગતિ માટે ભારત સરકાર અને દેશના પ્રધાનમંત્રીએ ૦ ટકા વ્યાજે પાક ધિરાણ યોજના અમલી બનાવી ખેડૂતોને ફાયદાઓ આપવાની નીતિ અમલી બનાવી છે.

ખેડૂત એટલે નીચે ધરતી અને ઉપર આભ આ બન્ને વચ્ચે રખોપા કરતો ધરતીનું સંતાન ધરતીપુત્ર એક સાંધે ત્યાં તેર તુટે આવી સ્થિતિમાંથી બહાર આવવા સતત મથામણ વચ્ચે પણ કાળમીઢ પથ્થરોને તોડી હળના ચાહ પાડનાર ખેડૂતોએ દેશની ઉજ્જવળ પ્રગતિની ગાથાના સોપાન છે.

૨૦ વિઘા જેટલી બે પછેડી જમીનમાં અમરેલી જિલ્લાના વડીયા ગામના સંજયભાઈ હરીભાઈ ઢોલરીયા ખેતી કરે છે. પરિવારમાં બે માણસ પોતે અને પોતાને લક્ષ્મી સ્વરૂપે બે દિકરીઓ ખેડૂત નાનો હોય કે મોટો હોય પણ રાતના વાહુપા કરતા બાપને પોતાના દિકરા દિકરી ભણે તેની ચિંતા હંમેશા હોય છે. ખેતરમાં દવાનો પંપ છાંટવા કે નિદામણ કરવા મજુર નથી રાખવો પણ અને મજુરીના પૈસાથી મારા-દિકરા-દિકરીના સપનાઓ પુરા કરવા છે. એ ભાવ ખેડૂત અને ખેતમજૂરની આંખમાંથી કયારેક છાને ખૂણે ટપકતા આંસુમાં હોય છે.એ સંજયભાઈ ઢોલરીયાની આંખમાં વાંચી શકાય છે. ખેડૂત સંજયભાઈએ પોતાની એક દિકરીને એમ.એસ.સી.બી.એડ સુધીનો અભ્યાસ કરાવ્યો છે. જયારે બીજી દિકરી કેમેસ્ટ્રી બાયોલોજીમાં અભ્યાસ કરે છે.

આજથી સાતેક વર્ષ પહેલા ખેતીમાં ખર્ચ ઘટે અને લોકોને અન્નદાતા તરીકે સાફ ખાવાનું મળે એ માટે પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી. પ્રાકૃતિક ખેતી માટે તેઓએ ગીર ગાયો ૫ થી ૬ લીધી. જીવામૃત, જ્ઞાનમૃત આધારીત ખેતીની શરૂઆત સાથે શુધ્ધ ગાયનું ઘી પણ વેચાણ કરી રહ્યા છે. મગફળીમાંથી શિંગતેલ કાઢીને વેચાણ કરે છે. ગયા વર્ષે ૧૧૦ ડબ્બા શિંગતેલ ઘેર બેઠા વેચાણ કરેલ. ચાલુ શિયાળામાં સિઝનમાં પોતાના ૧૫ વીઘા ઘઉંનું વાવેતર હતુ તેનો પોક પાડવાનો વિચાર કર્યો. ભાઈબંધ મિત્રોને વાત કરી તો બધાએ મજાક ઉડાડી પણ હામ હાર્યા વિના ૧૫ વિઘા ઘઉંનો પાક તૈયાર કર્યો. ૧૪૫ મણ અને ૬ કિલો પોક તૈયાર થયો. ઘેર બેઠા રૂ.૨૫૦ના ભાવથી વેચાણ કરે છે. હવે ૮થી ૧૦ મણ પોક માંડ બચ્યો છે. ઉભા ઘઉંમાં ડુંડી લણી લીધા પછી પાણી પાઈને અપરિપક્વ ડુંડીઓ મોટી થાય તે પ્રયત્ન કર્યા અને વિઘે ૧૨ મણ જેવા ઘઉં તેઓને મળ્યા છે.

સંજયભાઈ પોતે ખેડૂત તરીકે પોતાની વેલ્યુ સારી સમજે છે. સાથે વેલ્યુએડીશનની વેલ્યુ પણ સમજે છે. એટલે તો પોતાના પ્રાકૃતિક ફાર્મમાં ઉત્પન્ન થતા વિવિધ પાકો જયારે જુવાર, ઘઉં, જવ, તુવેર જેવી જણસનુ વેલ્યુએડીશન કરી પેકિંગ કરીને ઘેર બેઠા વેચાણ કરે છે. **સંજયભાઈ ઢોલરીયાનો સંપર્ક નં.૯૮૨૫૨ ૪૯૧૪૬ છે.**

**-:તિખારો:-**

**ક્યાં સુધી અંધારામાં રાખશો, અંધારામાં કરેલી ખટ-પટ અને કાળા કામો સૂરજના એક કિરણ સાથે પ્રકાશમાં આવશે. માટે પોતાની જાતને છેતરશો નહિ.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801



# સાપ્તાહિક ખેતી કાર્યો

તલ: ● પાનનો સુકારો માટે રોગની શરુઆતમાં પાન ઉપર આછા ભુખરા પાણીપોચાં ચાઠા જોવા મળે છે. રોગનું પ્રમાણ વધતા પાન સુકાવા લાગે છે અને ખરવા માંડે છે. તલની શીંગો ચીમળાઈ જાય છે. દાણા બેસતા નથી. આ રોગની અસર ખાસ કરીને પાકની કુમળી અવસ્થાએ વધુ જોવા મળે છે.

● નિયંત્રણ રોગની શરુઆત જણાય કે તુરંત જ ૩૦ ગ્રામ તાંબાયુકત ફુગનાશક દવા ૧૦ લી. પાણીમાં ઓગાળીને છંટકાવ કરવો ત્યારબાદ ૧૫ દિવસ પછી બીજો છંટકાવ કરવો.

સજીવ ખેતી : લાંબા સમયથી ખેતી કરતા ખેડૂતોનો અનુભવ જણાવે છે કે સજીવ પદ્ધતિને સંપૂર્ણ અનુસરી ખેતી કરવાથી ઉત્પાદન ઘટતું નથી. ઉલટાનું વધે છે. આ ઘટના આજની આ પરંપરાગત ખેતીમાં ઉત્પાદન વૈશ્વિક લેવલે ઘટી રહ્યાની સામે સજીવ પધ્ધતિના અમલના લીધે ઉત્પાદન સ્થિર રહે છે. કારણ કે ઉત્તરોત્તર જમીનમાં હ્યુમસનું પ્રમાણ વધવાને લીધે જમીનની ફળદ્રુપતા અને જમીનની ભૌતિક અને રાસાયણિક સ્થિતિ અનુકુળ બને છે.

મગ :

● શીંગ કોરી ખાનાર લીલી અથવા ગુલાબી ઈયળ નિયંત્રણ માટે કવીનાલફોસ ૨૦ મીલી દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

અડદ:

● મગ, મઠ, અડદ, ગુવાર અને ચોળી પાકોમાં સફેદમાખીનો ઉપદ્રવ જણાય તો લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ ટકા અર્ક) અથવા બીવેરીયા બેસીયાના કે વર્ટીસીલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

શાકભાજી:

● ડુંગળીની સંગ્રહશક્તિ વધારવા માટે પાન પીળા પડી જાય અને ઉપરની ટોંચનો ભાગ ઢળવા માંડે ત્યારે હાથથી છોડને ખેંચી લેવો. જરૂર પડે તો કોદાળી અથવા પાવડાનો ઉપયોગ કરી ઈજા ન થાય તે રીતે કાઢવા.

● ભીંડામાં ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળનાં નિયંત્રણ માટે ઈમીડાકલોપ્રીડ ૯ મિ.લિ./કિ.ગ્રા. પ્રામાણે

પાણીમાં ભેળવી વાવણીના ૧૨ કલાક પહેલા બીજ માવજત આપવી.

બાગાયતી પાકો:

આંબો : કેરી ખરી પડવાના કારણો : વધુ પ્રમાણમાં ફળો બેસવાના કારણે દરેક ફળને પોષણ પુરુ પડતુ ન હોવાથી. પ્રતિકુળ વાતાવરણને કારણે રોગ-જીવાતનો ઉપદ્રવ વધે ત્યારે ફળ ખરણ વધારે જોવા મળે છે.

ફળ વિકાસના બધાજ તબક્કાઓ પૈકી નાના ફળના તબક્કામાં વધારે પ્રમાણમાં ખરણ જોવા મળે છે.

● પોષક તત્વોની ઉણપને કારણે

● વધુ પડતા પવનના કારણે

● ઓછા પાણી અથવા ભેજનું પ્રમાણ ઘટવાથી

● જમીનમાં ઉંડી ખેડના કારણે મૂળ તુટવાથી

● વધુ પડતા નિદામંણને કારણે

● અચોક્કસ પરાગનયન ફર્ટીલાઈઝેશનને કારણે

● મોર અવસ્થાએ વધુ પડતી કીટનાશક દવાઓ છાંટવાથી

● વાતાવરણમાં અચાનક ફેરફાર થવાથી જેવા કે તાપમાન, ભેજ અને પવન

● અંતઃસ્ત્રાવનું પ્રમાણ અનિયમીત થાવાથી



ડો. જી.આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

ફળો ખરતા અટકાવવા માટેના જરૂરી ઉપાયો:

૧. આંબાવાડીયામાં મધમાખી ઉછેર

૨. પરાગસિચક ઝાડનો સમાવેશ જેમ કે આંબાની એક જ જાતને બદલે એક કરતા વધારે જાત વાવવી.

૩. કાર્બન - નાઈટ્રોજનનું સંતુલન જાળવવું.

૪. અંતસ્ત્રાવનો છંટકાવ:

(૧) ફળો વટાણા જેવડા કે તેથી મોટા કદના થાય ત્યારે એન.એ.એ. ૨૦ મી.ગ્રા. પ્રતિ લીટર + ૨ % યુરીયાનું દ્રાવણ એટલે કે ૧૦૦ લીટર પાણીમાં ૨ ગ્રામ એન.એ.એ.+ ૨ કિલો યુરીયા ૨૦ દિવસના અંતરે ૨ વખત છાંટવું.

(૨) જીબ્રીલીક એસીડ ૧૦ મી.ગ્રા. પ્રતિ લીટર + ૨% યુરીયાનું દ્રાવણ એટલે કે ૧૦૦ લીટર પાણીમાં ૧ ગ્રામ જીબ્રીલીક એસીડ + ૨ કિલો યુરીયા એપ્રીલના અંતમાં અને મે માસની શરૂઆતમાં છાંટવું.

(૩) ૧૯-૧૯-૧૯(પોલીફીડી ખાતર) અથવા ૧૩-૦-૪૫(પોટેશીયમ નાઈટ્રેટ) ખાતરો નો ૧ થી ૨ % (૧૦ થી ૨૦ ગ્રામ/લીટર પાણી)નો છંટકાવ કરવાથી કેરી ખરતી અટકાવી શકાય છે અને ફળનું કદ વધારી શકાય છે.

(૪) આંબાવાડીયા ફરતે પવન અવરોધક વાડ બનાવવી જેના માટે શરૂ અથવા આસોપાલવનું વાવેતર કરી શકાય

લીંબુ:

● પાનકોરીયા અને કાળી માખીના નિયંત્રણ માટે ઈમીડાકલોપ્રીડ ૧૦મિ.લિ.૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● જમીનની સ્વાસ્થ્ય ચકાસણી આધારિત જરૂરી માત્રામાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવાથી જમીનની તંદુરસ્તી જળવાય છે. મોંઘા રાસાયણિક ખાતર તથા તે ઉપરની સરકારી સબસિડીમાં બચત થાય છે.

ચીકુ:

● ચીકુમાં ફુલ બેસવાની પ્રક્રિયા લગભગ સતત ચાલુ રહેતી હોય છે તથા ૪૦૦ સે. થી વધુ ગરમ લુથી ફુલ ખરી પડતા હોવાથી અવરોધક વાડ અને નવી કલમોને વાડોલિયાથી આરક્ષાણ આપવું.

કેળ :

● દરીયા કિનારાના સતત પવનથી પાકને સુરક્ષિત રાખવા પવન અવરોધક વાડ કરવી ઉપરાંત કેળનું રોપાણ ઈશાન-નૈઋત્ય દિશામાં કરવું. આ પધ્ધતિથી વાવેતર કરવાથી પવન સોંસરવો નીકળી જશે અને બધા જ છોડને સૂર્યપ્રકાશ પણ એક સરખો મળશે.

જામફળ :

● ફળમાખીના નિયંત્રણ માટે મીથાઈલ યુજીનોલ ટ્રેપનો ઉપયોગ કરવો.

ગુજરાત કૃષિ યુનિવર્સીટીઓ દ્વારા જૈવિક રોગ નિયંત્રકોની ભલામણ

તુવેર :- તુવેરના ૧૨ કિલો બીજને એક કિલોગ્રામ ટ્રાઈકોડર્મા હારજીયાનમ અથવા ટ્રાઈકોડમા વીરીડી જૈવિક ઘટકની માવજત આપી વાવવાથી સુકારાના રોગનુ નિયંત્રણ થાય છે.

શેરડી : શેરડીના વાવેતર પહેલા જુની કામસ (પ્રેસમડ)માં ઉગાડેલ જૈવિક ઘટક ટ્રાઈકોડમા હારજીયમ આપવાથી સુકારો અને રાતડાનો રોગ અટકાવવામા ઉપયોગી છે.

મગફળી :૧:- મગફળીના ઉગસુક (કોલર રોટ) અને થડના સડાના નિયંત્રણ માટે મગફળી વાવતા પહેલા ટ્રાઈકોડર્મા હારજીયાનમ ૧.૨ કિ.ગ્રા. ગળતીયા ખાતર અથવા એરંડીના ખોળમાં મિશ્રણ કરી જમીનમા ભેજ હોય ત્યારે આપવું તથા એક કિલોગ્રામ બીજને સ્યુડોમોનાસ ફલ્યુરોસન્સ ૫ ગ્રામ અને થાયરમ ૩ ગ્રામ પ્રમાણે માવજત આપી વાવવા.

૨:- મગફળના થડ અને ડોડવાના સડાના રોગના નિયંત્રણ માટે ભૂકી સ્વરૂપે મળતુ ટ્રાઈફોડમા હારજીયાનમ ૧.૫ કિ.ગ્રા. (૧૦૬ જીવંત કોષો /ગ્રામ) ૩૦૦ કિ.ગ્રા. એરંડીના ખોળ કે ખાતરમાં ભેળવી વાવણી પહેલા ચાસમાં આપવું.

એરંડા : મુળખાઈ ( રૂટ રોટ)ના નિયંત્રણ માટે ૫૦૦ કિલો લીમડાના અથવા રાયડાના ખોળમા ૫ કિલો ટ્રાઈફોર્મા હારજીયાનમ પાવડર ભેળવી વાવતી વખતે ચાસમા આપવુ.



# ઓઈસ્ટર મશરૂમની ખેતી

વિશિષ્ટ પ્રકારની દળદાર અને ખાવાલાયક ફૂગને અંગ્રેજીમાં મશરૂમ અને બિન ખાવાલાયક મશરૂમને ટોડસ્ટૂલ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતીમાં બિલાડીનો ટોપ શબ્દ ખુબજ સામાન્ય છે જે ખાવાલાયક અને બિનખાવાલાયક એમ બંને પ્રકારની ફૂગનો નિર્દેશ કરે છે. દુનિયામાં ખાવાલાયક મશરૂમની ૧૨૦૦ જાતો નોંધાયેલ છે જે પૈકી ૧૦૦ જેટલી જાતો જ ખાવા માટે સ્વીકૃત થયેલ છે. ભારત દેશમાં ખાદ્ય મશરૂમની ઉગાડવામાં આવતી જાતોમાં એગેરીક્સ બાયસ્પોરસ (સફેદ બટન મશરૂમ), વોલ્વેરીલા વોલ્વેશીયા (ડાંગર તૃણ મશરૂમ), પ્લુરોટસ સજોરકાજુ (ઢીંગરી મશરૂમ)વગેરે મુખ્ય છે. ભારત સહિતની દુનિયામાં બટન મશરૂમનું વાવેતર મોટા વિસ્તારમાં કરવામાં આવે છે. પરંતુ તેની નીચા તાપમાનની (૧૫૦ - ૧૮૦ સે.) જરૂરિયાતને કારણે તેનું વાવેતર ઠંડા વાતાવરણવાળા વિસ્તાર પુરતું મર્યાદિત છે. પંચતારક હોટલો, રેસ્ટોરંટ અને ઘરેલુ લીલા શાકભાજીમાં મશરૂમનો વપરાશ વધવા લાગ્યો છે. સૂપમાં, પંજાબી શાકભાજીમાં, સલાડમાં, પુલાવમાં, સેન્ડવીચ, પીઝા અને પકોડામાં પણ મશરૂમનો વપરાશ થવા લાગ્યો છે. આમ હાલમાં મશરૂમની વાનગીઓ આરોગવી એ એક ફેશન છે.

ઢીંગરી અથવા ઓઈસ્ટર અથવા પ્લુરોટસ મશરૂમની ખેતી આ મશરૂમની ખેતી પણ બંધ રૂમમાં યોગ્ય ભેજ અને તાપમાન ઉભું કરી સરળતાથી કરી શકાય છે. પ્લુરોટસની ઘણી બધી જાતો છે. પરંતુ પ્લુરોટસ સજોરકાજુ ૨૦°થી ૩૦° સે. તાપમાનની વચ્ચે વધારે ઉત્પાદન આપે છે અને ખેત ઉત્પાદનની ઉપનીપજ જેવી ઘઉં-ડાંગરનુ પરાળ વગેરે પર પોલીથીન બેગ, નાયલોન નેટ, બાસ્કેટ ટ્રે વગેરેમાં એક માસનાં ટૂંકા ગાળામાં સરળતાથી ઉગાડી શકાય છે અને જરૂર મુજબ સુકવીને પાવડર બનાવી એક વર્ષ સુધી સંગ્રહી શકાય છે.

પ્લુરોટસ મશરૂમની ખેતી માટે ઓછામાં ઓછી જરૂરિયાત-ઘાસ/પરાળ (ડાંગર, ઘઉં, તુવેર, જીરું, ધાણા, મગ, અડદ, સોયાબીન, મકાઈ, શ્રીફળના છાલોતારા, કાગળ વિ.), બિયારણ, ફોર્માલીન (૩૭ ટકા), કાર્બેન્ડાઝીમ (બાવિસ્ટીન ૫૦ ટકા વે.પા.), પ્લાસ્ટિકની કોથળી (૨૦ માઈક્રોન, ૩૪ ટ ૫૦ સે .મી. માપની), લાકડાનાં કે વાસનાં ઘોડા, કાપવાનું સાધન (કાતર કે કટર), પાણી છાંટવા માટે પંપ કે ઝારો, થેર્મોમીટર અને ભેજ માપક યંત્ર, કંતાન,ખસની ટટ્ટી અને રેતી વગેરે.

મશરૂમ ઉગાડવા માટે ૩૦ ફૂટ ટ ૧૫ ફૂટનાં માપનો ઓરડો બનાવવો કે જેમાં ૨૦૦૦ થી ૩૦૦૦ જેટલી કોથળીઓ રહી શકે. શેડ ઉપર ગરમી અવરોધક તરીકે ડાંગર કે ઘઉંનું પરાળ પાથરવું અને હવાની અવરજવર માટે દીવાલમાં સામ–સામે બારીઓ કે વેન્ટીલેશન રાખવા અને બારી આગળ ખસની ટટ્ટી કે કંતાન અથવા એકઝોસ્ટ ફેન મૂકવો.

ખેતી પદ્ધતિ- મશરૂમ ઉગાડવા માટે ડાંગર કે ઘઉંનાં પરાળના ૩ થી ૫ સે.મી. નાં ટુકડા કરવા. થ્રેસરમાંથી નીકળેલ ઘઉંનુ પરાળ વધારે અનુકુળ છે કારણકે પરાળના ટુકડા કરવાની મહેનત બચી જાય. સૌ પ્રથમ પરાળનું નિર્જીવીકરણ કરવા માટે ૧૦ થી ૧૨ કલાક ૫ % ફોર્માલ્ડીહાઈડ + ૦.૨% કાર્બેન્ડાઝીમના દ્રાવણમાં પલાળી રાખવું, ત્યારબાદ આ દ્રાવણમાંથી પરાળને કાઢી સાદા તાજા પાણીમાં વારાફરતી ત્રણ વાર પલાળીને કાઢી વધારાનું પાણી નીતરી જવા દેવું.

આ રીતે તૈયાર કરેલ પરાળમાં ૬૦ -૭૦ ટકા સુધી ભેજ રહે ત્યારે તેને ૩૫ સે.મી.ટ ૫૦ સે.મી. માપની પ્લાસ્ટિકની કોથળીમાં ૫ થી ૬ કિલો પ્રમાણે ભરવું, કોથળીમાં પરાળ ભરતા પહેલ કોથળીને નીચે થી ભેગી કરી પ્લાસ્ટીકની દોરીથી બાંધી દેવી . ત્યારબાદ આ કોથળીને ઉલટાવી દેવી જેથી નીચેની બાજુએ પરાળ ભરતા ગોળ આકાર મળશે. પરંતુ આ પરાળ ભરતી વખતે ૫ થી ૮ સે.મી. નાં થર પછી દરેક વખતે પરાળના ૨ ટકા પ્રમાણે (૧૦ કિલો પરાળ દીઠ ૨૦૦ ગ્રામ) બિયારણ ભભરાવતા રહેવું, ખાસ કરીને કોથળીની કિનારીએ વધારે બિયારણ નાખવું અને વચ્ચેની બાજુએ ઓછું, અને હલકું દબાણ આપતા રહેવું. આવી રીતે કોથળી ૬૦ થી ૭૦% સુધી ભરાઈ જાય એટલે તેનું મોઢિયું ચુસ્ત રીતે બાંધી દેવું અને ચારેય બાજુથી ટાંકણીથી ૨૦ થી ૨૫ જેટલા ઝીણા કાણા પાડવા જેથી હવાની અવર-જવર થઈ શકે. આમ તૈયાર કરેલ કોથળીઓને લાકડાના ઘોડા ઉપર ગોઠવીને આશરે ૧૫ દિવસ સુધી ૨૦° થી ૩૦° સે. તાપમાને ૭૫ થી ૮૦ ટકા ભેજવાળી જગ્યામાં રાખવા . આમ ૧૫-૨૦ દિવસમાં પરાળ મશરૂમ ફૂગના સફેદ તાંતણાથી (માયસેલિયમ) સંપૂર્ણ રીતે છવાઈ જશે. ત્યારબાદ સાચવીને ધારદાર ચપ્પુથી પ્લાસ્ટિકની કોથળી ખોલી નાખીને પરાળનો જથ્થો ખુલ્લો કરવો. આમ કરવાથી કુલ ચાર પાંચ દિવસમાં ટાંકણીનાં માથા જેવા બટન મશરૂમ નીકળવા લાગશે અને એક અઠવાડિયામાં કાપવા લાયક મશરૂમ તૈયાર થશે. જેને કપણી કરીને વેચી શકાય છે. જરૂર જણાય ત્યારે પાણીનાં ઝીણા ફુવારાથી આછો છંટકાવ કરવો.

ડો. ડી. એસ. કેલૈયા, પ્રો. એન. એમ. કાછડીયા,
ડો. સી. એમ. ભાલીયા, પ્રો. એસ. વી. લાઠીયા
અને ડો. જે. આર. તળાવીયા
જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, જૂનાગઢ ૩૬૨૦૦૧



# આંબામાં મધિયાનું નિયંત્રણ

આંબો એ બાગાયતનો ખુબજ અગત્યનો પાક છે તેના પર વાતાવરણની ખુબજ માઠી અસર થતી હોય છે ખાસ અત્યારે આંબામાં મધીયો જોવા મળે છે તો તેની ઓળખ, નુકસાન અને સંકલિત વ્યવસ્થાપન વિષે માહિતી મેળવીએ.



ઓળખ અને નુકસાનઃ

● આ જીવાત આંબામાં સૌથી વધારે નુકસાન કરે છે.

● આ જીવાતનાં બચ્ચા શરૂઆતમાં પાંખ વગરનાં આછા સફેદ રંગના હોય છે.

● આ જીવાત ફાચર આકારની અને માથા પર ઘાટા રંગનાં ત્રણ ટપકાં અને વચ્ચેના ભાગમાં પટો આવેલ હોય છે. આ જીવાત ત્રાસા ચાલવાની ટેવ ધરાવે છે, તેના ઉપરથી તેને સહેલાઈથી ઓળખી શકાય છે.

● પુખ્ત કીટક અને બચ્ચા કુમળા પાન અને મોરમાંથી રસ ચૂસી નુકસાન કરે છે. જેને લીધે મોર ચીમળાઈને ખરી પડે છે. આ ઉપરાંત આ કીટકનાં શરીરમાંથી ચીકણો મધ જેવો પદાથ ઝરે છે અને તે પાન ઉપર ચીકણું પડ બનાવે છે, તેથી ખેડૂતો તેને મધિયો કહે છે. આવા ચીકણા પદાર્થ ઉપર પાછળથી કાળી ફુગ લાગે છે. જે પ્રકાશસંશ્લેષણમાં અવરોધ પેદા કરે.

સામાન્ય રીતે આ જીવાતનો ઉપદ્રવ આખા વર્ષ દરમિયાન ઓછો-વધતો રહે છે. પરંત આંબા ફુટવાની શરૂઆત થાય ત્યારથી માંડીને છેક એપ્રીલ-મે મહિના સુધી તેનો ઉપદ્રવ વધુ રહે છે.

નિયંત્રણઃ-

● મોટા ઝાડમાં જરૂર જણાય ત્યાં સુકાઈ ગયેલી ડાળીઓ કાપી નાખવી.

● પુખ્ત કીટકો નવી ફુટ પહેલા ઝાડનાં થડ અને ખાંચામાં ભરાઈ રહેતા હોવાથી તેના પર કાર્બારીલ ૫૦ ટકા વેટેબલ પાવડર ૪૦ ગ્રામ દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી ઝાડ ઉપર છંટકાવ કરવો.

● નવી કુંપણ અને મોર આવવાની શરૂઆત થાય ત્યારે જીવાત ક્ષમ્યમાત્રા વટાવે ત્યારે તરત જ આંબાના ઝાડ પર કાર્બારીલ ૫૦ ટકા વેટેબલ પાવડર ૪૦ ગ્રામ અથવા ઈમિડાક્લોપ્રીડ ૧૭.૮ ટકા એસએલ ૩ મીલી દવા પૈકી કોઈ પણ એક દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● જો આ જીવાતનો ઉપદ્રવ વધી જાય તો જરૂરિયાત મુજબ એકથી બે છંટકાવ સિન્થેટિક પાયરેથ્રોઈડ પ્રકારની દવાઓ જેવી કે સાયપરમેથ્રિન ૧૦ ટકા ઈ.સી. ૪ મિલી અથવા ફેનવેલરેટ ૨૦ ટકા ઈ.સી. ૫ મિલી ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. આ સિન્થેટિક પાયરેથ્રોઈડનાં છંટકાવ વખતે તેનું પ્રમાણ જાળવવું ખુબજ અગત્યનું છે. જો દવાનું પ્રમાણ વધી જાય તો મગીયા બંધાવાની પ્રક્રિયા પર માઠી અસર થાય છે.

ડો. વાય. એચ. ઘેલાણી, વાય.પી.ઘઉંવા,
પ્રો. એન. એમ. કાછડીયા,
પ્રો. બી. વી. પટોળીયા, ડો. એમ. કે. ઘેલાણી,
અને એચ.એસ.ગોધાણી
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ ૩૬૨૦૦૧

# મુખ્યમંત્રી પટેલનો બાળ આરોગ્ય અને સ્વાસ્થ્ય અંગે મહત્વનો નિર્ણય

બાળકને બીજીવાર જરૂર પડે ત્યારે લાભાર્થી પાસેથી માત્ર ૧૦ ટકા ફાળો લેવાનો નિર્ણય



અમરેલી, તા.૧૦

મુખ્યમંત્રીએ બાળકોના આરોગ્ય અને સ્વાસ્થ્ય અંગે અકે મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં રાજ્યમાં જે બાળકોને કોકલિયર ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે તેને પ્રથમ વાર વિનામૂલ્યે ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે અને બીજીવાર કોકલિયર ઈમ્પ્લાન્ટ માટે ૫૦ ટકા ફાળો આપવામાં આવે છે. પરંતુ હવે જે બાળકને બીજીવાર જરૂર પડે ત્યારે લાભાર્થી પાસેથી માત્ર ૧૦ ટકા ફાળો લેવાનો નિર્ણય કર્યો છે. જેથી વાલીઓ બાળકને અગાઉ આપવામાં આવેલ કોકલિયર મશીનની વ્યવસ્થિત કાળજી રાખશે. આ સિવાય જે કિસ્સાઓમાં લાભાર્થીએ સરકારી સહાય વગર પોતાના ખર્ચે કોકલિયર ઈમ્પલાન્ટ કરાવેલુ હશે તેમાં જેની આવક ૪ લાખથી ઓછી હશે તેમની પાસેથી એક વાર કોકલિયર ઈમ્પ્લાન્ટ પ્રોસેસર માટે હવે લાભાર્થી પાસેથી ૧૦ ટકા ફાળો લેવાની જોગવાઈ કરવામાં આવી છે. આમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વધું એક પ્રજાલક્ષી નિર્ણની પ્રશંસા કરવામાં આવી રહી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશી વિશ્વનાથ મંદિરમાં ષોડશોપચાર પૂજા કરી

(એ.આર.એલ),વારાણસી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિજય અને ફરીથી દેશના વડાપ્રધાન બનવાના સંકલ્પ સાથે શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં પૂજા કરી. મંદિરના અર્ચકએ પીએમને દેશના વડા પદ પ્રાપ્ત કરવાની તેમની ઈચ્છા વ્યક્ત કરી. પીએમ મોદીએ કપાળ પર ત્રિપુંડ, હાથમાં ત્રિશૂળ અને માથા પર લવિંગ, એલચી અને બદામની માળા



પહેરી હતી. શ્રી કાશી વિશ્વનાથ મંદિરના ગર્ભગૃહમાં, અર્ચક શ્રીકાંત મિશ્રાએ વડાપ્રધાનને પ્રતિજ્ઞા લેવડાવી અને ષોડશોપચાર પૂજા કરાવી. આ પહેલા વડાપ્રધાને ૨૦૧૪માં પહેલીવાર બાબા વિશ્વનાથની ષોડશોપચાર પૂજા કરી હતી અને બીજી વખત ૨૦૧૯માં વિજયની કામના સાથે. આ ત્રીજી વખત છે જ્યારે વારાણસીથી ઉમેદવાર બન્યા બાદ તેઓ પૂજા માટે શ્રી કાશી વિશ્વનાથ મંદિર પહોંચ્યા. કાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટના પ્રમુખ પ્રો. નાગેન્દ્ર પાંડેએ જણાવ્યું કે સંકલ્પની મનોકામના પૂર્ણ કરવા માટે ભગવાન શિવની પંચોપાચાર, ષોડશોપચાર અને રાજોપચારની પૂજા કરવાની પરંપરા છે.

# લાલુ પ્રસાદના નજીકના સુભાષ યાદવની ઈડીએ ધરપકડ કરી

(એ.આર.એલ),પટણા,તા.૧૦



રાષ્ટ્રીય જનતા દળના સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવના નજીકના સુભાષ યાદવની ઈડીની ટીમે ધરપકડ કરી છે. શનિવારે સવારથી રાત સુધી સુભાષ યાદવના આઠ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ પછી લગભગ ૨ કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા હતા અને જમીન સંબંધિત ઘણા દસ્તાવેજો મળી આવ્યા હતા. તપાસ બાદ ઈડીની ટીમે સુભાષ યાદવની ધરપકડ કરી હતી. આ પછી તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ઈડીની ટીમ દ્વારા હજુ સુધી નિવેદન જારી કરવામાં આવ્યું નથી. સુભાષ યાદવ બ્રોડસન કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર છે. તેના પર ગેરકાયદે રેતીના ધંધાના આરોપ છે. આ ધરપકડ બાદ આરજેડી કેમ્પમાં હલચલ મચી ગઈ છે. આ પહેલા આવકવેરાની ટીમે રાજદ એમએલસી વિનોદ જયસ્વાલના ઘરે દરોડા પાડ્યા હતા.

# કોડીનારમાં હિંસક શ્વાને ૪ માસની માસૂમ બાળકીને ફાડી ખાતા અરેરાટી

અગાઉ દીપડાના હુમલાની ઘટનાઓ પણ અહીં બની ચુકી છે.

કોડનાર, તા.૧૦

કોડીનારમાં બંધ પડેલા રેલવે ટ્રેક પર ઝુપડપટ્ટીમાં રહેતા દેવીપૂજક પરિવારની ચાર માસની માસૂમ બાળકીને શ્વાનોએ ફાડી ખાવાની હૃદય દ્રાવક ઘટના બનતા ચકચાર મચી છે. આવા હિંસક શ્વાનોને તાત્કાલીક પકડવાની માંગ



તસવીર : કુલદીપ પાઠક

ઉઠી રહી છે. આ વિસ્તારમાં અમુક મહિના પહેલા એક બાળક પર શ્વાને હુમલો કરી મોત નીપજાવ્યુ હતુ, ત્યારે આ બીજી ઘટના બનતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કોડીનાર શહેરની બંધ પડેલી રેલવે લાઈન બાજુમાં ઝુપડપટ્ટીમાં રહેતા સુરેશભાઈ સોલંકીની ચાર માસની માસૂમ બાળકી રાત્રિના પરિવાર સાથે સૂતી હતી ત્યારે હિંસક શ્વાનો તેને ઉઠાવી ગયા હતા. પિતાએ જાગીને જોતા બાળકી ન દેખાતા તપાસ કરતા પાટાથી ૫૦ મીટર દૂર બાળકીનો મૃતદેહ વિકૃત હાલતમાં મળી આવ્યો હતો. પહેલા દીપડાના હુમલાની આશંકા હતી પરંતુ વનવિભાગને જાણ થતા ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતા શ્વાન હોવાનુ નક્કી થયુ હતુ અને બાળકીનો મૃતદેહ પીએમ માટે મોકલવામાં આવ્યો હતો.

આવી ઘટનાઓ રોકવા અને શ્વાનો પર અંકુશ લગાવવા વ્યાપક લોકમાંગ ઉઠી રહી છે

# લોકસભા ચૂંટણીમાં સીટની વહેંચણીને લઈને આઈએનડી ગઠબંધનમાં અસમંજસ

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૦

મહારાષ્ટ્રમાં આઈએનડીએ ગઠબંધનમાં અંતર વધી રહ્યું હોવાનું જણાય છે, જ્યાં લોકસભા ચૂંટણી માટે સીટની વહેંચણીને લઈને મહાવિકાસ અઘાડીમાં નારાજગી સ્પષ્ટપણે દેખાઈ રહી છે. વાસ્તવમાં, ઉદ્ધવ ઠાકરેએ મુંબઈની ઉત્તર પશ્ચિમ બેઠક માટે પાર્ટીના ઉમેદવાર અમોલ કીર્તિકરના નામની જાહેરાત કરી છે, જ્યારે કોંગ્રેસના સંજય નિરુપમ આ બેઠક પર દાવો કરી રહ્યા હતા. કોંગ્રેસ નેતા સંજય નિરુપમે ઉદ્ધવ ઠાકરેની આ જાહેરાત પર ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત




કરી છે અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ) પર નિશાન સાધ્યું છે. નિરુપમે કહ્યું, 'ગઈકાલે સાંજે બાકીના શિવસેનાના વડાએ અંધેરીમાં ઉત્તર પશ્ચિમ લોકસભા મતવિસ્તારમાંથી એમવીએ ઉમેદવાર જાહેર કર્યા. એમવીએની બે ડઝન બેઠકો છતાં સીટ વહેંચણી અંગેનો અંતિમ નિર્ણય હજુ લેવામાં આવ્યો નથી.

# સુખુ સરકાર પર રાજકીય સંકટ યથાવત, બાગી ધારાસભ્યો ઉત્તરાખંડની હોટલ પહોંચ્યા

(એ.આર.એલ),મંડી,તા.૧૦

રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર અભિષેક મનુ સિંઘવી વિરુદ્ધ મતદાન કરનાર હિમાચલ પ્રદેશના છ પક્ષના ધારાસભ્યો ત્રણ અપક્ષ ધારાસભ્યો સાથે ઉત્તરાખંડ પહોંચ્યા અને તેમને એક હોટલમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી. દરમિયાન, હિમાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન સુખવિંદર સિંહ સુખુએ ધારાસભ્યો



પર વળતો પ્રહાર કર્યો, તેને ભાજપ દ્વારા "ષડયંત્ર" ગણાવ્યું. બળવાખોર ધારાસભ્યોની સાથે ભારતીય જનતા પાર્ટીના હિમાચલ પ્રદેશ એકમના બે ધારાસભ્યો વિક્રમ ઠાકુર અને ત્રિલોક જામવાલ પણ હાજર છે. આ તમામ ધારાસભ્યો ચાર્ટર્ડ ફ્લાઈટમાં હરિયાણાના પંચકુલાથી ઋષિકેશ પહોંચ્યા અને હોટલ તાજમાં રોકાયા હતા. કોંગ્રેસના ધારાસભ્યો સુધીર શર્મા, રાજીન્દર રાણા, ઈન્દર દત્ત લખનપાલ, દવિન્દર કુમાર ભુટ્ટુ, રવિન્દ્ર ઠાકુર અને ચૈતન્ય શર્માને રાજ્યના બજેટમાં પાર્ટી વ્હીપનું ઉલ્લંઘન કરવા બદલ ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે.

# ઈન્ડોનેશિયામાં અચાનક મૂશળધાર વરસાદ, પૂર અને ભૂસ્ખલનથી ૧૦ના મોત

પેસીસિર,તા.૧૦

ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુમાં અચાનક મૂશળધાર વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે અને ૧૦ લોકો ગુમ થયા છે, એમ સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું. વરસાદને કારણે સર્વત્ર તારાજી સર્જાઈ છે. અચાનક મુશળધાર વરસાદને કારણે નદીના જળસ્તરમાં વધારો થયો હતો, જેના કારણે અચાનક પૂર



આવ્યું હતું. પૂર અને ભૂસ્ખલનથી પશ્ચિમ સુમાત્રા પ્રાંતમાં પેસીસિર સેલાટન રીજન્સીને અસર થઈ છે, લગભગ ૪૬,૦૦૦ લોકો બેઘર થયા છે. અને ખરાબ હવામાનને કારણે લગભગ ૧૦ લોકો ગુમ થયા છે.

# સીતામઢીથી પ્રયાગરાજ જતા પરિવારનો અકસ્માત: એક જ પરિવારના ૬નાં મોત

(એ.આર.એલ),જૌનપુર,તા.૧૦

ઉત્તર પ્રદેશના જૌનપુર જિલ્લામાં એક ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૬ લોકોના મોત થયા છે, જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા હતા. તેમજ તપાસ શરૂ કરી હતી. મળેલી માહિતી મુજબ ગૌરાબાદશાહપુર



પોલીસ સ્ટેશન વિસ્તારમાં જૌનપુર-આઝમગઢ હાઈવે પર પ્રસાદ કેરાકત ઈન્ટરસેક્શન પાસે ગઈકાલે રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો. આ ઘટનામાં એક પરિવારના ૯ સભ્યો છોકરી જોવા બિહારના સીતામઢીથી પ્રયાગરાજ જઈ રહ્યા હતા.કાર જૌનપુરથી કેરાકત તરફ વળતાં જ સામેથી આવતી એક ઝડપી ટ્રકે તેને ટક્કર મારી હતી. ઘટનાને પગલે સ્થળ પર હોબાળો મચી ગયો હતો. આજુબાજુના લોકો ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં મોકલ્યા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે કાર લગભગ ૧૦ મીટર સુધી ઢસડી ગઈ હતી.

# કોડીનારના અડવી ગામે આંગણવાડી સંકુલનુ ધારાસભ્યના હસ્તે લોકાર્પણં

ડોળાસા, તા.૧૦

ડોળાસા નજીક આવેલ અડવી ગામનું આંગણવાડી કેન્દ્ર ઘણા સમયથી બિસ્માર હાલતમાં હતું જેને બંધ કરી દેવામાં આવ્યું હતુ. ત્યારબાદ આ આંગણવાડી કેન્દ્ર નવું બનાવવામાં આવ્યુ છે. જેનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જુમાં કોડનારના ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાજાએ ખાસ ઉપસ્થિત રહી આ આંગણવાડી સંકુલનું લોકાર્પણ કર્યુ હતું. આ તકે કોડીનાર તા.પં. પ્રમુખ જીતુભાઈ પરમાર, જિ.પં



સદસ્ય અમુભાઈ વાજા, સીડીપીઓ મંજુલાબેન મોરી, મીનાબેન વાજા, અડવી સરપંચ મનુભાઈ ડોડીયા, ઉપસરપંચ અજીતભાઈ પરમાર, આંગણવાડી સ્ટાફ, આશાબહેનો અને ગામલોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# માહી કંપનીમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી

રાજકોટ, તા.૧૦

૮મી માર્ચને વિશ્વ મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેના અનુસંધાને રાજકોટ સ્થિત માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની ખાતે પણ સુંદર કાર્યકમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે કંપનીમાં કામ કરતી તમામ મહિલાઓના કાર્યને બિરદાવી કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ડો. સંજય ગોવાણીએ મહિલા



દિન શા માટે ઉજવવામાં આવે છે તે અંગે જાણકારી આપી મહિલાઓ જુદા જુદા ક્ષેત્રે કેવી રીતે આગળ વધી રહી છે તેની પ્રેરણાદાયક વાતો રજૂ કરી હતી. મહિલાઓએ પણ તેમના કાર્યના અનુભવો વર્ણવ્યા હતા. આ પ્રસંગે કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનો માટે જુદી જુદી રમત સ્પર્ધાઓ, રાસ ગરબા તેમજ ડાન્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કેક કાપી તમામને ઉપહારનું વિતરણ પણ કરાયું હતું. આ પ્રસંગે કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ડો. સંજય ગોવાણી, કંપનીના ડી.જી.એમ. પરસોતમ પટોલિયા તેમજ કંપનીમાં કાર્યરત તમામ મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# વેરાવળ ડ્રગ્સ કેસના વધુ ૩ આરોપી ઝડપાયા, કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

વેરાવળ, તા.૧૦

વેરાવળ ટ્રગ્સ કેસમાં પોલીસે વધુ ત્રણ આરોપીઓનરી ધરપકડ કરી છે. ATSએ માસ્ટરમાઈન્ડ ઈશા'ની પત્ની, પુત્ર અને જમાઈની ધરપકડ કરી છે. આ ત્રણેય આરોપીએને કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પાકિસ્તાની ડ્રગ માફિયા સાથે મળીને હેરોઈનના જથ્થાને ઓમાનના દરિયામાંથી ગુજરાતના વેરાવળના દરિયા કિનારે ઉતારી દિલ્હીમાં ડીલીવરી કરવાના કાવતરાનો ગુજરાત ATSએ પર્દાફાશ કર્યો



હતો. જેમાં ATSના હાથે વેરાવળ બંદર પર ઝડપાયેલા ડ્રગ્સ મામલે માસ્ટરમાઈન્ડ ઈશાની પત્ની, પુત્ર અને જમાઈની ધરપકડ કરી વેરાવળ કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ત્રણેય આરોપીના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# ધોરાજી તાલુકાના ભોલ ગામડા ગામની મહિલાઓનો ખરાબ રસ્તા મુદ્દે ચક્કાજામ

ધોરાજી,તા.૧૦

ધોરાજી તાલુકાના ભોલ ગામડા ગામની મહિલાઓએ બિસ્માર રસ્તા મુદ્દે ચક્કાજામ કર્યો હતો. ધોરાજી શહેરને ગ્રામ્ય વિસ્તારો સાથે જોડતા રસ્તાઓની હાલત બદથી બદતર થઈ ગઈ છે,ત્યારે આ બાબતે તાલુકાના ભોલ ગામડા ગામની મહિલાઓએ આ બિસ્માર રસ્તા બાબતે ચક્કાજામ કરી વિરોધ નોંધાવ્યો



તસવીર : નયન કુહાડીયા

હતો. ધોરાજી તાલુકાના અનેક ગામડાઓમાં રસ્તાઓની હાલત દયનીય છે. અનેકવાર સાંસદ સહિતનાને લેખિત અને મૌખિક રજૂઆત કરવા છતાં કોઈ સાંભળવા તૈયાર નથી ભોલ ગામડા ગામમાં એમ્બ્યુલન્સ પણ આવતી નથી. ધારાસભ્યને રજૂઆત કરી તો તે જણાવે છે કે, હું કોઈનો પટાવળો નથી જેની ઓડિયો કલીપ પણ વાયલર થઈ હતી. ધારાસભ્યના આવા નિવેદનથી મહિલાઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ ચક્કાજામ થતા પોલીસ ટીમ પણ દોડી આવી હતી. આ બાબતે યોગ્ય નહિ થાય તો મહિલાઓ દ્વારા ચૂંટણી બહિષ્કારની ચીમકી આપવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકામાં દરગાહમાં ચાલતી ધતિંગલીલા બંધ કરાવતી વિજ્ઞાન જાથા

દ્વારકા, તા.૧૦

દેવભૂમિદ્વારકામાં છેલ્લા ૨૦થી ૨૫ વર્ષથી દરગાહમાં ચાલતી ધતિંગલીલા વિજ્ઞાન જાથાએ બંધ કરાવી છે. દરગાહમાં હાજીબાપુ સદરબાપુ અને બસીરબાપુ બંને દર શુક્રવારે જોવાનો વારો-સેવાપૂજા બદલે ન્યાજના નામે લોકો પાસે દસથી ૫૦ હજાર રૂપિયાની રકમ લઈ છેતરપિંડી કરતા હોવાનું ખુલ્યું છે. તેમના દ્વારા પશુબલીની માગણી કરવામાં આવતી હતી.



ડાયાબિટીસ, પથરી, અસાધ્ય રોગ મટાડવા માટે પાણીની બોટલમાં મંત્ર બોલી માનવ જીંદગી સાથે ખિલવાડ કરનારા આ બંને બાપુ પાસે મેડીકલ લાયસન્સ હતું નહીં. દાન પેટીની બાજુમાં બેસી દુઃખી લોકોના ઉપચાર કરતા બંને બાપુ લાલ-લીલો દોરો આપી છેતરપિંડી આચરતા હતા. પીડિતોને તાવીજ, દોરા-ધાગા, જુવારના દાણા આપી બંને બાપુ ઉપચાર કરી રૂપિયા પડાવતા હોવાનું સામે આવ્યું છે. જલાલશા પીરની દરગાહમાં બંને બાપુના ગોરખધંધા વિજ્ઞાન જાથાએ બંધ કરાવ્યા છે. આ મામલે પીડિતો ફરિયાદ કરવા આગળ આવે તેવી વિજ્ઞાન જાથાએ અપીલ કરી છે. કલ્યાણપુર પોલીસ સ્ટેશનને સાથે રાખી પર્દાફાશની કામગીરી કરવામાં આવી છે.

# જૂનાગઢમાં અનેક ધાર્મિક સ્થળો પર મનપા તંત્રએ બુલડોઝર ફેરવ્યું

(એ.આર.એલ),જૂનાગઢ,તા.૧૦

રાજ્યમાં અવારનવાર ડિમોલિશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય છે. ત્યારે આવી જ એક ઘટના જૂનાગઢમાં બની છે. જૂનાગઢમાં ધાર્મિક સ્થળો પર મનપા તંત્ર દ્વારા ડિમોલિશન કરવામાં આવી રહ્યું છે. જૂનાગઢના મજેવડી દરવાજા પાસે આવેલી દરગાહ તોડી પાડવામાં આવી છે. આ ઉપરાંત હિન્દુ ધર્મના



મંદિરોનું પણ દબાણ દૂર કરવામાં આવી રહ્યું છે. જુનાગઢના તળાવ દરવાજા પાસે આવેલ જલારામ મંદિર પણ તોડી પડાયું છે. એટલુ જ નહીં રેલવે સ્ટેશન રોડ પર આવેલા રામદેવપીરનું મંદિર પણ ડિમોલિશન કરાયુ છે. જુનાગઢમાં મોડી રાત્રે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ડિમોલિશનનું ઓપરેશન પાર પાડવામાં આવ્યુ છે.

બીજી તરફ આ અગાઉ જામનગરમાં ભૂમાફિયાના ગેરકાયદે બાંધકામ પર દાદાનું બુલડોઝર ફરી વળ્યું હતું. સયચા બંધુઓએ કરેલા દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૨ માર્ચે ગુજરાત પ્રવાસે આવશે : વિવિધ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૨ માર્ચે ગુજરાત પ્રવાસે આવશે. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતને મોટી ભેટ આપશે. વડાપ્રધાનના હસ્તે વિવિધ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાશે.૧૨ માર્ચે અમદાવાદ-મુંબઈ વંદે ભારતનું ફ્લેગ ઓફ કરાવશે. તેમજ અમદાવાદ અને જામનગર વંદે ભારત દ્વારકા સુધી દોડશે. સાબરમતી રેલવે સ્ટેશન ખાતેથી ફ્લેગ ઓફ કરાવશે.

ફ્લેગ ઓફ ઉપરાંત ૧૩ સ્થળો પર ઈ-લોકાર્પણ ખાતમુહૂર્ત કરશે. વધુ એક વંદે ભારત ટ્રેન અમદાવાદથી મુંબઈ વચ્ચે શરુ થશે. જેમાં વંદે ભારત ટ્રેનને પ્રધાનમંત્રી લીલી ઝંડી આપશે. અમદાવાદથી મુંબઈ વચ્ચે દોડતી વંદે ભારત ટ્રેનમાં વેઈટિંગને જોતા આ નિર્ણય




લેવાયો છે. જેમાં અમદાવાદથી સવારે ૬ વાગે જયારે મુંબઈથી બપોરે ૩.૨૫ કલાકે ટ્રેન ઉપડશે. અમદાવાદ અને જામનગર વંદે ભારત ટ્રેન પણ દ્વારકા સુધી દોડાવવાનો નિર્ણય કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૨ માર્ચે સાબરમતી ખાતે આવેલા વેસ્ટર્ન ફ્રેઈડ કોરીડોર હબની પણ મુલાકાત લેશે. બે વંદે ભારત સહિત વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. અમદાવાદ-મુંબઈ વચ્ચે વધુ એક વંદે ભારત ટ્રેન ૧૬૦ કિલોમીટરની ઝડપે દોડશે.




# મહેસાણા એલસીબીએ દારૂ ભરેલ કન્ટેનર સાથે બેની ધરપકડ કરી

(એ.આર.એલ),મહેસાણા,તા.૧૦

મહેસાણા એલસીબીએ દારુ ભરેલા કન્ટેનરને ઊંઝાના ઉનાવા નજીકથી ઝડપી પાડ્યુ છે. હરિયાણાથી ગુજરાતમાં ઘુસાડવામાં આવતા દારુ અંગેની બાતમી મળવાને લઈ એલસીબીએ ઊંઝા હાઈવે પર વોચ ગોઠવી હતી.એસપી ઋષિકેશ ઉપાધ્યાયની સૂચના અનુસાર માર્ગ પર વોચ રાખતા એક શંકાસ્પદ કન્ટેનર ઝડપાઈ



આવ્યુ હતુ. જેની તલાશી લેતા જેમાંથી ૨૮.૯૬ લાખનો વિદેશી શરાબનો જથ્થો મળી આવ્યો હતો. હરિયાણાથી આવતા રાજસ્થાનના કન્ટેનરના ખોટા દસ્તાવેજો તૈયાર કરીને માલ સામાનની હેરફેર કરવામાં આવતી હોવાનું તરકટ રચ્યુ હતુ. જે મુજબ કન્ટેનર ચાલકે તેને મુંબઈ લઈ જવાનું હોવાનું નાટક રચ્યુ હતુ. પરંતુ ગુજરાતમાં દારુ ઘુસાડવા જતા જ મહેસાણા પોલીસે તેને ઝડપી લઈને કાર્યવાહી હાથ ધરી છે. કુલ રૂપિયા ૪૯.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ બે શખ્સોની ધરપકડ કરી છે.

# લોકઅદાલતમાં ૪,૬૪ લાખ કેસોનો નિકાલ થયો, રૂા. બે કરોડનું વળતર ચૂકવાયું

અમદાવાદ,તા.૧૦

ગુજરાત રાજયમાં પણ ગુજરાત હાઈકોર્ટના ચીફ્ જસ્ટિસ સુનિતા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ અને સ્થાનિક જિલ્લા સેવા સમિતિઓ દ્વારા જિલ્લા-તાલુકા કોર્ટોમાં વિવિધ લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આખા રાજ્યમાં ૪૬૪૯૧૯ કેસોનો સુખદ નિકાલ કરવામાં આવ્યો છે. જેમાં સુરત સૌથી વધુ કેસોના નિકાલમાં પ્રથમ નંબરે છે. જ્યારે અમદાવાદ મેટ્રોકોર્ટનો બીજો ક્રમ આવ્યો છે. જેમાં ભદ્ર સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં યોજાયેલી લોક અદાલતમાં તો, મોટર વાહન અકસ્માતના એક કેસમાં મૃત્યુ પામનાર મૃતકના વારસોને વીમાકંપની તરફથી ત્રણ કરોડ રૂપિયાના દાવા સામે રૂ.૧.૬૦ કરોડની માતબર રકમનું વળતર ચૂકવાયું હતું.

# વેવાઈએ વેવાણ વિશે ગંદી પોસ્ટ મુકવાના બનાવમાં જીવ ગુમાવ્યો

(એ.આર.એલ),સુરત,તા.૧૦

સુરતના ઉન વિસ્તારમાં ભાજપના નેતાની હત્યા એક સસ્પેન્ડન્ડે અએસઆઈએ કરતા ચકચાર મચી ગઈ છે. ભાજપના નેતા પોતાની વેવાણ મુદ્દે વિવાદાસ્પદ પોસ્ટ મુદ્દે સમજાવવા ગયા હતા, પરંતુ એએસઆઈએ ભાજપના નેતાને મુક્કો મારતા તેમનું લિવર અને કિડની ફાટી ગઈ હતી. જેથી સારવાર બાદ તેમનું મોત નિપજ્યું હતું.

# ગુજરાતમાં લગ્નેતર સંબંધના કારણે છેલ્લા પાંચ વર્ષમાં ૩૦૦ લોકોએ આત્મ હત્યા કરી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૦

અમદાવાદમાં તાજેતરમાં ક્રાઈમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખાના પીઆઈ ખાચર સાથે છેલ્લા ચાર-પાંચ વર્ષથી પ્રેમ સંબંધ ધરાવતી યુવતીની આત્મહત્યાએ ચર્ચા જગાવી છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષથી લગ્નેતર સંબંધને કારણે આત્મહત્યાના પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં જ લગ્નેતર સંબંધને કારણે ૩૦૦ વ્યક્તિએ જીવન ટૂંકાવ્યું છે.

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં લગ્નેતર સંબંધને કારણે આત્મહત્યા કરવાના પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૯માં લગ્નેતર સબંધથી ૧૬ પુરુષ-૬ મહિલા એમ ૨૨ વ્યક્તિએ આત્મહત્યા કરી હતી. જેની સરખામણીએ વર્ષ ૨૦૨૨માં આ પ્રમાણ વધીને ૮૬ થઈ ગયું છે. જેમાં આત્મહત્યા કરનારામાં ૫૦ પુરુષ અને ૩૬ મહિલાનો સમાવેશ થાય છે. આ સ્થિતિએ ૩ વર્ષમાં લગ્નેતર સંબંધથી આત્મહત્યા કરનારામાં બમણાથી વધુનો વધારો થયો છે. છેલ્લા પાંચ વર્ષમાં લગ્નેતર સંબંધને કારણે થયેલી આત્મહત્યામાં ૧૭૨ પુરુષ અને ૧૩૧ મહિલાઓ છે.

વર્ષ ૨૦૨૨માં અમદાવાદમાંથી લગ્નેતર સંબંધને કારણે રાજકોટમાંથી ૨૮ દ્વારા આત્મહત્યા થયેલી છે.

